# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૬ અંક : ૬૪ ઓગસ્ટ-૨૦૧૨





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | અંકુશ અને અભય મુદ્રા શ્રી ઘનશ્યામ મહારાજની | ૪ |
| ૦૪. | રક્ષાબંધન | ૬ |
| ૦૫. | ગુરુપૂર્ણિમા પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીના આશીર્વચનમાંથી | ૮ |
| ૦૬. | અંતઃકરણનું શુદ્ધિકરણ | ૧૦ |
| ૦૭. | અમને ત્રણ વાત ગમતી નથી | ૧૧ |
| ૦૮. | માણસા મુકામે શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પ્રથમ શિબિરનું આયોજન | ૧૨ |
| ૦૯. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૧૧. | ભક્તિ સુધા | ૧૭ |
| ૧૨. | પ્રશ્ન પેટી | ૨૧ |
| ૧૩. | અધિક માસનો કાર્યક્રમ | ૨૨ |
| ૧૪. | સત્સંગ સમાચાર | ૨૩ |

# ॥ અસ્મદીયમ્ ॥

જગતનો તાત ખેડૂત ચાતકની જેમ વરસાદની રાહ જોઈ રહ્યો છે. આ વરસે જયોતિષીઓએ અને હવામાન ખાતાએ જેટલી આગાહીઓ કરી તે તમામ ખોટી પડી છે. છેલ્લે ધાર્યુ તો ધણીનું જ થાય. અ.મૂ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામી પાસે હરિભક્તોએ પ્રાર્થના કરી કે સ્વામી વરસાદ વગર મોલ સૂકાય છે. જો વરસાદ નહીં આવે તો ઘરમાં ખાવાનું ધાન નથી. પશુ માટે ચાર્ય પૂળા નથી. આખું વર્ષ કેમ કાઢીશું. ત્યારે સ્વામીએ મહારાજ ઉપર ગઢપુર પત્ર લખીને હરિભક્તોને આપ્યો. જેમાં સર્વોપરિ શ્રીહરિને વરસાદ વરસાવવા પ્રાર્થના કરી હતી. મહારાજે પત્ર વાંચ્યો અને કહ્યું કે સ્વામી વરસાદ માટે કહે છે તો સ્વામીનું વચન છે અને જ્યાં મહારાજે સંકલ્પ કર્યો એટલામાં તો આખા ગુજરાત-સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ વરસ્યો. આપણા ઈષ્ટદેવ શ્રીજી મહારાજ ક્યારેય કોઈનું દુઃખ દેખી શકતા નથી. ‘‘કોઈને દુઃખીયો રે દેખી ન ખમાય દયા આણી રે.’’ એમ મહારાજ ખૂબ દયાળુ છે. સૌ વહાલા ભક્તજનો ગામો ગામ ષડાક્ષરી મહામંત્ર શ્રી સ્વામિનારાયણ નામની ધૂન્ય કરજો એટલે મેઘરાજાને મહારાજ જરૂર આજ્ઞા કરશે અને મેઘો તૂટી પડશે.

શ્રાવણ માસમાં અલૌકિક હિંડોળા દર્શન અને પુરુષોત્તમ માસમાં પણ આવા જ દિવ્ય ઉત્સવોના દર્શન કરી જીવને ભગવાનમાં જોડીને આત્મ કલ્યાણ સાધી લેવું.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જૂલાઈ-૨૦૧૨)

૧. પ.ભ. નટવરભાઈ મણીલાલ સાંકળચંદ પટેલને ત્યાં પધરામણી, સોજાગામ

૩. ગુરુ પૂર્ણિમા દેશ-વિદેશના હજારો સંતો હરિભક્તો દ્વારા ગુરુપૂજન ધામધૂમથી સંપન્ન થયું.

૧૩. પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૫ મો પ્રાકટ્યોત્સવ પોતાના અધ્યક્ષ સ્થાને ધામધૂમપૂર્વક ઉજવાયો.

૧૫. વિજાપુર ગામે અને ન્યુ રાણીપમાં સત્સંગ સભા પ્રસંગે પધરાણી.

૨૧. માણસા ગામે સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.

૨૪. કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર પારાયણ પ્રસંગે પધરામણી.

૨૪ જુલાઈ થી ૧૬ ઓગસ્ટ સુધી અમેરિકા આટલાન્ટા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પધરામણીઓ અને જાહેર કચ્છ સત્સંગ સભા - ટોરેન્ટો કેનેડા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી ત્યાંથી મોમ્બાસા શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર બાળયુવક મંડળના રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(જૂલાઈ-૨૦૧૨)

૧૩. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં ૧૫ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પૂજ્યનીય બ્રહ્મનિષ્ઠ સંતો અને ધર્મકુળ પ્રેમી હરિભક્તોની શુભ નિશ્રામાં ધામધૂમથી ઉજવાયો.

૧૩ થી ૨૫ જુલાઈ અમેરિકામાં બોસ્ટનમાં બાળ સત્સંગ યુવા કેમ્પ પ્રસંગે અને સત્સંગ પ્રચારાર્થે પધરામણી.

## ટોરડાના ભુવનેશ્વર મંદિરમાં પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પૂજા-અર્ચના કરી

ભિલોડા તાલુકાના ટોરડા ગામે આવેલ ભુવનેશ્વર મહાદેવના મંદિરમાં તા. ૧૯-૭-૨૦૧૨ ગુરુવારે પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પૂજા કરી હતી.

સ્વામિનારાયણ સંપ્રદાયના સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ અહીં આવીને ગણપતિદાદાને લાડુ ખવડાવ્યા હતા. તેમજ તે સમયે અહીં વસવાટ કરતા મણિધર નાગને પીપળાના ઝાડમાં મોક્ષ અપાવી સદ્‌ગતિનો માર્ગ બતાવ્યો હતો. તેવી સ્વામિનારાયણ સંપ્રદાયમાં બનેલી સત્ય ઘટના છે. જે સંદર્ભે ગુરુવારે કાલુપુર સ્વામિનારાયણ મંદિરના છઠ્ઠા ગાદીપતિ પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજીએ ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં શિવલિંગ પર જલાભિષેક કર્યો હતો.

તેમજ તેમણે પૂજા-અર્ચના કરીને ધન્યતા અનુભવી હતી. એક એવી પણ લોકવાયકા છે કે ટોરડા ખાતે આવેલ ભુવનેશ્વર મહાદેવના મંદિરમાં પૂજા-અર્ચના કરવાથી વર્ષ સારુ જાય છે. તેમજ સ્વાસ્થ્ય પણ નિરોગી રહે છે. પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આ મુલાકાત દરમિયાન ટોરડા સ્વામિનારાયણ મંદિરના સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી તથા સંપ્રદાયના અન્ય સંતો અને સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજીએ ટોરડા સ્વામિનારાયણ મંદિરમાં પણ પૂજા અર્ચના કરી હતી. (ભાસ્કર ન્યુઝ ભિલોડા)

# અંકુશ અને અભય મુદ્રા શ્રી ઘનશ્યામ મહારાજની

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)



આપણા સંપ્રદાય માં શ્રી ઘનશ્યામ મહારાજ ની મૂર્તિની સર્વ પ્રથમ પ્રાણ પ્રતિષ્ઠા સંવત ૧૯૪૨ માં (૧૨૬) વર્ષ પહેલા અમદાવાદ માં ભગવાન સ્વમિનારાયણ નુ નિવાસસ્થાન રંગમહેલ માં કરવામા આવી.ત્યાર પછી અન્ય મંદિરો માં ધનશ્યામ મહારાજ ની મૂર્તિઓ કાષ્ટ, માર્બલ,પંચધાતુઓના સ્વરૂપો બન્યા અને પ્રતિષ્ઠાઓ થઇ છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ ના રંગમહેલ માં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ ની મૂર્તિ કાષ્ટ થી બનાવવામા આવેલ છે.શિલ્પકાર ને શ્રીજી મહારાજે દિવ્યરૂપે અંગેઅંગ ના માપ અને ચિન્હો રેખાઓ ના દર્શન કરાવતા કરાવતા છ મહિના નાં સમય માં મૂર્તિ નું ઘડતર કરવામા આવેલ છે.શ્રીહરિ ની મનુષ્ય દેહ ની સંપૂર્ણ પ્રતિકૃતિ અને અક્ષરધામ માં બિરાજમાન સર્વાવતારી નું મૂળ સ્વરૂપ ભગવાન શ્રીસ્વામિનારાયણ નું પૂર્ણ સ્વરૂપ છે. જેમાં એક રતી ભાર નો પણ ફર્ક નથી.કારણ કે જ્યારે જ્યારે વડોદરા માં મૂર્તિ નું ઘડતર કર્તા શિલ્પકાર ને અંગોઅંગ ને ઘડતા ઘડતા દ્વિધા ઉપસ્થિત થતી ત્યારે ત્યારે શ્રીહરિ નીજ સ્વરૂપ માં દર્શન આપતા.અને શિલ્પકાર માપ લઇ કાગળ પર આકૃતિ ફરમો બનાવી ઘડતર કામ કરતા.

આ મૂર્તિ ની રચના બાદ સંપ્રદાય માં અનેક મૂર્તિઓ બનાવવામા આવી છે.,પણ કોઇ શિલ્પી તેની કોપી કરી શક્યુ નથી.મંદિરોમાં બિરાજમાન સ્વરૂપો માં ઐશ્વર્ય નો કોઇ ભેદ હોતો નથી,પણ અક્ષરધામનુ આબેહૂબ સ્વરૂપ તો રંગમહેલ માં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજ છે.એમાં તો બ્રહ્માદિક પણ શંકા કરી શકે તેમ નથી.આખો સંપ્રદાય આ વાતને સ્વીકારે છે.અને ધ્યાન ધરવા માટે સંતો હરિભક્તો આ સ્વરૂપ ની જ પસંદગી કરે છે.

મુક્તિદાતા અનંતના આધાર સદા સત્ય,સદા દ્વિભુજ દિવ્ય મનુષાકૃતિ ધારણ કરેલા શ્રી ઘનશ્યામ મહારાજ જમણા હસ્ત વડે અંકુશ મુદ્રા ના અને ડાબા હસ્તે અભયદાન ( વરદાન ) મુદ્રા માં દર્શન આપે છે.

આપણા વેદો માં મુદ્રાઓ વિષે ખૂબજ લખવામા આવ્યું છે.આદિકાળ થી મુદ્રાઓ દ્વારા વાર્તાલાપ એટલે કે પોતાના વિચારોનું આદાન પ્રદાન અને અભિવ્યક્તિ કરવામાં આવે છે.આજે વિશેષતયા શબ્દો ભાષાઓથી વાર્તાલાપ થઇ રહયો છે,તેના થી અતિપ્રાચીન પ્રથા મુદ્રા વિજ્ઞાન છે.શરીર દ્વારા કરવામા આવતી મુદ્રા વડે જે તે પ્રકાર ની મુદ્રા જે તે પ્રકાર ની રજુઆત ના વાઇબ્રેશન તથા વાતાવરણ તેમજ તેવા પ્રકાર ની ઉર્જા ઉત્પન થતાં સામેની વ્યક્તિ પર તેને પ્રકાર ની ઉર્જા દ્વારા પ્રભાવિત કરવામા આવે છે.તેનુ પોષણ તથા પ્રત્યુત્તર તેમજ વાતાવરણ મુદ્રાઓ નો પ્રભાવ હજારો – લાખો માઇલો સુધીની દૂરી પર થાય છે. માત્ર માણસ પર જ નહી પણ જે તે લોક માં રહેતા દેવો અને ભગવાનના સ્વરૂપ સુધી નિવેદન પહોંચે છે.આપણા શરીર માં એક બ્રહ્માંડ હોય એટલી શક્તિ રહી છે.તે શક્તિ નો ઉપયોગ અને પ્રદર્શન કરવા મુદ્રાઓ વિશેષ સર્વોત્તમ

સર્વશ્રેષ્ઠ ઉપાય છે. વાણી જેવા અન્ય ઉપાય નો પ્રભાવ ખૂબજ અલ્પ અને સિમિત છે. પરંતુ મુદ્રા સચોટ પૂર્વક એક સૂત્રતા સાધવા અદ્વિતીય ઉપાય છે. જે પૂજા વિધિ માં વિવિધ પ્રકાર ની મુદ્રા વડે દેવો ને ઉપચાર નિવેદન કરવામા આવે છે. તેનો પ્રભાવ મંત્રો થી પણ અધિક છે. એવું આપણા વેદો કહે છે. જે નૈવેદ્ય નિવેદન માંપ્રણાયસ્વાહાઃ, અપાનાય સ્વાહાઃ, વ્યાનાય સ્વાહાઃ, ઉદાનાય સ્વાહાઃ, સમાનાય સ્વાહાઃ. આ પાંચેય અલગ અલગ મુદ્રા થી નૈવેદ્ય અર્પણ કરવામાં આવે છે.

શ્રીઘનશ્યામ મહારાજ નો જમણો હસ્ત અંકુશ મુદ્રા વ્યક્ત કરે છે. અંકુશ મુદ્રા સર્વના નિયામક પદ નું દર્શન કરાવે છે. હું સર્વનો નિયામક પરમાત્મા છું. એવી અભિવ્યક્તિ થાય છે. મારા થી પર કોઇ જ નથી સર્વોપરી સર્વ નો આધાર હું જ છું. એવો અર્થ મુદ્રા વિજ્ઞાન ના શાસ્ત્ર ના આધારે થાય છે.

તથા ડાબા હસ્તે અભયદાન (વરદાન) ની મુદ્રા નુ દર્શન વરદાન આપે છે. મુદ્રા વિજ્ઞાન ના આધારે અભયદાન થકી આશ્રિતો તથા દર્શનાર્થી ને નિર્ભયતાનું વચન આપે છે. અને રક્ષણ પાલકપણા નું વરદાન આપે છે. જે જે શરણે આવે છે તેને કાળ, કર્મ, માયા થકી રક્ષા કરતા હું છું એવો પ્રત્યુત્તર આપી રહયા છે. હું સર્વ નો નિયામક છું અને તમારૂ રક્ષણ કર્તા છું. એટલે કે મને સર્વોપરી સર્વકારણ જે માનશે તેની સર્વ પ્રકારે રક્ષા કરીશ. એવા કૃપાના સાગર ભગવાન શ્રીઘનશ્યામ મહારાજ ની મૂર્તિ ની મુદ્રાઓ થી જણાય છે. હસ્ત અને આંગળીઓની સ્થિતિ શાસ્ત્રોક્ત છે. શ્રીજી મહારાજે પોતાની હયાતીમાં નારાયણજી પેઇન્ટર તથા સદ્ગુરૂ આધારાનંદ સ્વામી દ્વારા જે પ્રસાદી ની મૂર્તિઓ ની છાપો બનાવી તેમા સહજાનંદ સ્વામીની ફૂલ હાથ માં રાખેલી મૂર્તિ ની મુદ્રા પણ અંકુશ મુદ્રા ની વ્યક્ત કરી રહયા છે. ભગવાન શ્રી કૃષ્ણ હાથમાં વાંસળી લઇ ને ત્રિભંગી મુદ્રા માં ભક્તાધિન પણું જણાવે છે. જેઓ રાધાદિક ભક્ત ની તરફ ઢળી ને કહે છે, જે મારા થી પ્રભાવિત થાય છે તેને હું મારા તુલ્ય બનાવુ છું.

ભગવાન શ્રીરામ ચતુર્ભૂજ સ્વરૂપે ધનુષ્યબાણ હાથ માં રાખી ને રાજા સ્વરૂપે ભક્તો નુ અધર્મ-અસત્ય થકી રક્ષણ કર્તા નું દર્શન કરાવે છે. સદાશિવ હંમેશા ધ્યાનાવસ્થા ની મુદ્રા ના દર્શન કરાવે છે. જે મહાયોગી ત્યાગી ના લક્ષણો સહિત સંહારક ની જવાબદારી સ્વરૂપે ત્રિશૂલ રાખે છે. શ્રીહનુમાનજી હાથમાં ગદા ઉગામી ને ભક્તો ના રક્ષણ ને કાજે સદાય તત્પર તથા પર્વત ઉપાડી ને ભગવાન રામ અને ભક્તોની સેવામા હાજર, વળી શનિ જેવા ને પગ નીચે દબાવીને કષ્ટભંજન પણા ના દર્શન કરાવે છે.

એવી રીતે દરેક સ્વરૂપ ની પોતપોતાની આગવી અભિવ્યક્તિ દ્વારા તે પ્રકાર ની ઉર્જા ઉત્પન કરી ને ભક્તો ને તે પ્રકારનું પોષણકર્તા ના પ્રમાણનું દર્શન કરાવે છે.

ગણપતીજી ની વિશેષતાઓઃ- મોટુ માથુ એટલે-વિશાળ બુધ્ધિ. નાસિકા લાંબી એટલે-આબરૂ બહુ. પેટ મોટુ એટલે-વિશાળ દિલ ના, વાહન ઉંદર એટલે-ઉંદર સ્વાવલંબી અને સતત ઉદ્યમી પોતે પોતાનો રસ્તો કરી લે. આંખો નાની એટલે-સૂક્ષ્મ દ્રષ્ટિ. એટલે ગણપતીજી ની સર્વ પ્રથમ પૂજા બધાજ ધર્મમાં થાય છે.

વર્તમાન સમય ના કેટલાક પેઇન્ટરો, શિલ્પીઓ, પ્રચારકો મન કલ્પીત રીતે ભગવાનને બેસાડતા તથા ઉભા રાખતા હોય છે. જેનો કોઇ શાસ્ત્રોક્ત અર્થ હોતો નથી. પરંતુ વિપરીત અભિવ્યક્તિ વડે વિપરીત અસરો થાય છે તેમાં જરાય શંકા નથી. વેદોના મંત્રો નું ગાન તેની તે મુજબ ની મુદ્રાઓ નો પ્રયોગ કરવાનો હોય છે. મુદ્રાઓ વિના મંત્ર પણ અપૂર્ણ કહેવાય છે.

ભગવાન ની સાથે સેવક ના સ્વરૂપે રાધા, લક્ષ્મી, ભક્તિમાતા આદિસ્વરૂપ સેવકપણા ની હસ્તની મુદ્રાઓ થકી સેવા આપે છે. મુદ્રાઓની જેમ વ્યવહાર માં પણ કેટલાક ઇશારાઓ થી પણ લોકો સમજી જતા હોય છે. એટલે કહેવત છે કે; સમજદાર ને ઇશારો કાફી.

# રક્ષાબંધન




- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ (માણસા)

उत्सव प्रियाः खलु मानवाः । સામાજિક પ્રાણી હોવાને કારણે માનવ એકમેકના સંબંધોમાં સાંકળથી બંધાય તેની મીઠી સુહાસથી મહેકતો રહે છે. જીવવા માટેનો સઘળો જીવનરસ પરસપરના સંબંધોની મીઠાસમાંથી જ ઝરતો રહે છે. આથી જ ઋષિમુનિઓએ પ્રસંગોપાત ઉત્સવોનું આયોજન કરી જીવન ઉદ્યાનમાં ઉત્સવોની ફુલવાડી રચીને આનંદ ક્યારીઓથી દુઃખ ભરેલી આ દુનિયામાં સુખની સુવાસ પ્રસરાવી છે. તેમાં પણ ચાતુર્માસની ભક્તિ ભીની મોસમમાં શ્રાવણી પૂનમ તો સોળે કળાએ ખીલેલી ચાંદની કાળની સોગઠીના હડસેલે વિખૂડા પડી ગયેલા ભાઈ-બહેનના હેત ઘૂઘવતા હૃદય સાગરમાં પુર બહારમાં ભરતીના ઉભરામાં સુખડાની રેલમછેલ કરી મૂકે છે. રક્ષાબંધનના પર્વને લોકો તો વર્ષ આખું મીટ માંડીને ચાતક વૃતિએ રાહ જોતા રહે છે. આદિકાળથી ઉજવાઈ રહેલું આ પર્વ ઐતિહાસિક દ્રષ્ટિએ પણ ઘણું જ મહિમાવંતુ છે.

વામન અવતારમાં ગુરુ શુક્રાચાર્યની અવરોધક શિખામણ રૂપે પણ રોક્યા ન રોકાતા બલીરાજાએ યાચક સ્વરૂપે આવીને હરિવરે યાચેલી ત્રણ ડગલા ભૂમિનું દાન જેવું કૃષ્ણાર્પણ કર્યુ કે તરત જ પ્રભુજીએ વાહનમાંથી વિરાટ સ્વરૂપ ધારણ કરીને એક કદમમાં ધરતી આખી ગ્રહી લીધી. બીજા પગલે અંડકરાહ ફાડીને આકાશ સહિત સમગ્ર સ્વર્ગલોક કબજે કરી લીધું ને ત્રીજા ડગલે અતિ શ્રધ્ધાપૂર્વક પોતાનું મસ્તક ધર્યું ત્યારે પ્રભુએ બલીરાજાને સાતમાં પાતાળમાં ભરખી દીધા. આમ છતાં લેશમાત્ર ગ્લાનિ, કલેશ કે ઝાંખા પડ્યા વિના ભક્તિસભર ગદ્‌ગદ્‌ હૈયે પ્રાર્થના કરી કે હે ભગવાન આપના કોમળ શ્રી ચરણોમાં મુજ અસુરના કાંટા જેવા વાળથી કંઈક દર્દ થયું હોય તેની હું ક્ષમા યાચુ છું. આવા દિવ્ય અહોભાવથી પ્રસન્ન થયેલા દીનાનાથે વરદાન માંગવાનું કહ્યું ત્યારે અસુરરાજ બલી રૂપે માંગ્યુ હતુ કે મારી આંખો સામે અખંડ દર્શન આપતા રહો.... તે દિવસના ભગવંત બલીના દ્વારે બલીના વચને બંધાયને ઉભા રહી ગયા ! વરસો વિત્યાને યુગો વીતી ગયા. બીજા સ્વરૂપે બ્રહ્માંડે-બ્રહ્માંડે અવતારો ધારણ કરતા ગયા છતાં એક સ્વરૂપે તો ત્યાં જડબેસલાક બંધી રહ્યા. કૃષ્ણના અવતારમાં રૂક્ષ્મણીજીરૂપ લક્ષ્મીજીને એક વિચાર ઉપજ્યો. બળીના બંધનમાંથી ભગવાનને મુક્ત કરાવવા ઘણા બધા ઉપાયો વિચાર્યા પછી અમોઘ શસ્ત્ર સ્વરૂપે ''રાખડી'' હાથમાં લીધી અને પહોંચી ગયા સાત પાતાળે બળીના દ્વારે. બળીરાજાને પોતાના ભાઈ બનાવી તેના હાથે રાખડી બાંધી ત્યારે બળીરાજા પણ બહેનને વીર પસલી આપવા મજબૂર થઈ ગયા. દ્રવિત હૃદયે બેનડીને મન ગમતું માગવા કહ્યું.

સ્વયં ભગવાને પણ આફતોના બંધનોમાંથી છોડાવી દઈ એવું પ્રખર અને પ્રબળ પર્વ છે આ રક્ષાબંધન !!

શ્રીમદ્‌ ભાગવતના મહાભારત પર્વને વિશે પણ પ્રસંગ આલેખાયેલો છે કે કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રે... વડીલો પોતાના અનુજ કે અનુચરોની રક્ષા કાજે તેના કાંડે રાખડી બાંધે છે. જ્યારે નિર્બળ નિઃસહાયને અબળાઓ કોઈ સમર્થ વિરના હાથે રાખડી બાંધી પોતાની રક્ષા યાચે છે. રક્ષાબંધન સઘળા ધર્મ, જ્ઞાતિ કે સાંપ્રદાયિક રિવાજોથી ઉપર ઉઠી સર્વગ્રાહી અને સર્વદેશી સ્વીકાર્ય છે. હા તેના સ્વરૂપો ભિન્ન ભિન્ન હોય શકે છે. હિન્દુઓ કંઠે કંઠી ધારણ કરી પ્રભુની રક્ષામાં બંધાય છે. જ્યારે જૈનો વાસ્કેપ લઈ રક્ષા પોટલીના સ્વરૂપે સદ્‌ગુરુ કૃપાદ્રષ્ટિ સ્વીકારે છે. મુસ્લિમ બિરાદરો તાવિજ સ્વરૂપે મૌલવીની રક્ષા હોંશે હોંશે બંધાય છે. શિષ્યો ગુરૂની છત્રછાયામાં ને ભક્તો ભગવાનના આશરે પણ વાડ વિના વેલો ચડવો સંભવ નથી. યુગે યુગે સામની ઓથે નાની કૂંપણો ખૂબ પોષણ પામતી આવી છે. ગ.મ.ના ૯ માં વચનામૃતમાં પરમહંસો ભગવાન

સ્વામિનારાયણનું સ્વરૂપ વર્ણન કરતા લખે છે કે સંવત ૧૮૭૮ નાં શ્રાવણ સુદી-૧૪ ચૌદસને દિવસે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિર આગળ મશરૂના ચાકળા ઉપર બિરાજમાન હતા ને તે સમે આનંદનંદ સ્વામીએ પૂજા કરી હતી ને રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો હતો તથા રાતા કિનખાબની ડગલી પહેરી હતી તથા મસ્તક ઉપર સોનેરી ફરતા છેડાનો કસુંબલ રેંટો બાંધ્યો હતો. તથા કમરે જરકશી સેલુ બાંધ્યુ હતું તથા ગુઢા આશમાની રંગનો રેંટો ખભા ઉપર નાખ્યો હતો અને હાથે રાખડીઓ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.... આજે પરમ નિષ્ઠાવાન આશ્રિત એવા સંત-હરિભક્તોએ પ્રગટ પ્રમાણ એવા સર્વોપરી ભગવાનને કાંડે રાખડીઓ બાંધીને કાળ માયારૂપ અહમ મમત્વથી રક્ષા કરવા આર્તહૃદયે પોકાર છેડ્યો છે. પ્રત્યુતરમાં પ્રભુએ કહ્યું :

સર્વ धर्मान्परित्यज्य, मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो, मोक्षयिष्यामि मा शुचः ॥

એ શ્લોક દ્વારા કહ્યું કે સર્વ ધર્મને (મનના માનેલા) તજીને તુ એ શોક કરીશમાં, વળી બુધ્ધિવાનને તો ભગવદ્ સ્વરૂપનું બળ અતિશય રાખવુ જોઈએ. એ બળ જો લેશ માત્ર પણ હોય તો મોટા ભય થકી રક્ષા કરે. ત્યાં પણ શ્લોક કહ્યો છે.

स्वल्पमप्यस्य धर्मस्य, त्रायते महतो भयात् ।

માટે જેને સર્વથી ભગવદ્ સ્વરૂપનું બલ અધિક હોય એ જ એકાંતિક ભક્ત કહેવાય અને એને જ પાકો સત્સંગી કહેવાય.

આદિકાળથી ઉજવાય રહેલા રક્ષાબંધનના તહેવારને આ ગઢપુરમાં સુવર્ણ અંક્તિ મહોર છાપ લાગી ગઈ અરે ! ચાર ચાંદ લાગી ગયા ! એક સર્વાધિક સમર્થને કાંડે નાનીએ બંધાવેલી રાખડી બહુમૂલી - અણમોલ બની ગઈ અને આદિકાળથી આજ પર્યંત કદી ન મૂલવાયેલા મોલ આજે અમર રૂપે મૂલવાતા ધન્ય ધન્ય થઈ ગઈ એ રાખડીને બડી બડભાગી શ્રાવણી પૂનમ. જેણે બાંધ્યાને બંધાયા હરિવરના હેતડે.....


**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

| | |
|---|---|
| જેતલપુર : www.jetalpurdarshan.com | મહેસાણા : www.mahesanadarshan.org |
| છપૈયા : www.chhapaiya.com | ટોરડા : www.gopallalji.com |
| નારણઘાટ : www.narayanghat.com | વડનગર : www.vadnagar.com |

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**
shreeswaminarayan9@gmail.com

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.info
www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# ગુરુપૂર્ણિમા પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીના આશીર્વચનમાંથી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



આપણને જે નરનારાયણદેવ મળ્યા છે. એ નરનારાયણદેવને મહારાજે બાથમાં લઈને પધરાવ્યા છે. બીજા મંદિરોમાં દરેક સ્વરૂપની પ્રતિષ્ઠા મહારાજે ચોક્કસ કરી છે. પરંતુ આ નરનારાયણદેવને મહારાજે બાથમાં લઈને પધરાવ્યા છે. તે બાબતનો શાસ્ત્રનો આધાર છે. મહારાજે કહ્યું કે, અમારામાં અને નરનારાયણદેવમાં લેશમાત્ર ફેર નથી.

મહારાજે વચનામૃતમાં કહ્યું કે, સર્વ સાધનમાં ક્યું એવું એક સાધન છે જે સાધનથી બીજા સાધન આપોઆપ સધાય જાય છે ? તેના જવાબમાં મહારાજે ભગવાનના દ્રઢ આશ્રયની વાત કરી. તો આ નરનારાયણદેવનો દ્રઢ આશ્રય રાખીશું તો બીજા બધા સાધન આપોઆપ સધાય જશે. આ દેવના આશરે બેઠા છીએ એટલે આપણે સૌ બહુ સુખી છીએ. જો આશરો છોડીને દૂર થઈએ તો કોડીના થઈ જઈએ. હા, પ્રથમ થોડા દિવસ તો બહાર બહુ ઝગમગાટ લાગે ! કારણ કે બહાર સ્વતંત્રતા મળે ને ! પક્ષી પીંજરામાંથી મુક્ત થઈને વિચાર કરે કે, હાશ ! હવે છૂટા થયા ! હવે ગગનમાં ઉંચે વિહાર કરવા મળશે. જંગલમાં સારા સારા ફળ ખાવા મળશે. તેમ અહીંથી છૂટા પડી ને દૂર જઈએ એટલે થોડા દિવસ તો એવું લાગે કે હવે મુક્ત થયા ! સારુ સારુ ખાઈશું, ફરીશું. બહાર ખૂબ માન મળશે અને મોજ કરીશું. કદાચ બધું મળી પણ જાય, પણ પીંજરાનું પક્ષી જેમ બહુ ઉંચે ઉડી શકતું નથી. તેની પાંખ નબળી પડી ગઈ હોય છે. તેમ અહીંથી છૂટા પડેલા કોઈની ગતિ અક્ષરધામ સુધી પહોંચી શકતી નથી. કારણ કે તેની પાસે પાંખ જ નથી. પાંખ તો અહીં બેઠા એ નરનારાયણદેવ છે. પાંખ વિના ઉડવા જાય એટલે ધબ દઈને નીચે પડે છે !!!!

વ્યક્તિગત અમારી કોઈ કિંમત નથી. આચાર્ય એટલે કોઈ વ્યક્તિ નહીં. પરંતુ મહારાજે કરેલું આ સ્થાન છે. એ સ્થાનની કિંમત છે. આ સ્થાન પર સાત આચાર્ય થયા દરેકે પોતપોતાની રીતે સત્સંગના કાર્યો કર્યા છે.

દતાત્રેય ભગવાને ૨૪ ગુરુ કર્યા. દરેક પાસેથી ગુણ ગ્રહણ કર્યો આજે સમય એવો છે કે શિષ્ય કરતા ગુરુની સંખ્યા વધી ગઈ છે. એક શિષ્યના ભાગમાં અઢી કે ત્રણ ગુરુ આવે તેમ છે. એક વાત બહુ ગમે છે. વિલાયતમાંથી યુરોપમાંથી એક સજ્જન ભારતમાં બનારસમાં આવેલા. બનારસમાં રહીને તેણે ઘણાં મંદિરો જોયા. પછી ઘણા

મહાત્માઓને જોયા. તેણે જોયુ તો કોઈ મહાત્મા ગળાથી નીચે સુધીનો ભાગ જમીનમાં અને ઉપરનો ભાગ-મોઢુ બહાર એવી પોઝીશનમાં સતત રહેતા હતા. કોઈ વળી ફક્ત ઝાડની ડાળી પર જ રહેતા હતા. કેટલાંક ઉંધા માથે રહેતા હતા, ઉંધા માથે હાથથી ચાલતા હતા. બીજા કેટલાક અન્નનો ત્યાગ કરીને અન્ન વિના જીવતા હતા. કેટલાકના લાંબા વાળ, તો કોઈકે બહુ જાડા કપડા પહેરેલા, કોઈકે બહુ પાતળા કપડા તો કોઈક વળી કપડા પહેર્યા વિના જ રહેતા હતા. આ બધાની પાછળ તેને માનનાર ઘણા શિષ્યો હતા. કેટલાકની પાછળ ૫૦૦૦ તો કોઈની પાછળળ ૧૦૦૦ એમ દરેક તેના શિષ્યોથી વિંટળાયેલા રહેતા.

આ બધું જોયા પછી યુરોપનો એ માણસ નદી કિનારે વિહાર કરવા નીકળ્યો. તો ત્યાં તેણે નદી કિનારે ચાલતા એક માણસને જોયા. જે જોતાની સાથે તેને બહુ ગમી ગયા. તેણે જોયું કે આ વ્યક્તિના મુખ પર બહુ તેજ હતું. સીધા ચાલ્યા જતા હતા. તેની પાસે કોઈ દંભ કે આડંબર નહોતા. શિષ્યો પણ નહોતા. વિદેશથી આવેલો એક યુરોપીયન ભારતીય સંસ્કૃતિનું ઓબ્ઝર્વેશન કરીને એક સાચી વ્યક્તિને ઓળખી ગયો. આપણે બહુ અંતદ્રષ્ટિ કરવાની છે. (પ.પૂ. મહારાજશ્રીએ કહેલી આ દ્રષ્ટાંત વાત બહુ સૂચક છે) આપણે ખાવા પીવામાં તથા કપડા પહેરવામાં તેમજ દેખાવમાં બીજા ઘણા આડંબરનો ત્યાગ કરીને સીધા ચાલીએ એ બહુ મહત્વનુ છે. આપણા સ્વભાવના દોષો, પ્રકૃતિ ટાળીને મહારાજના ગમતામાં વર્તવાનું છે. દર્શન કરવા જઈએ ત્યારે મહારાજની આંખ સામે આપણી આંખ મીલાવવી.

આપણે એક પરિવારના છીએ. નરનારાયણદેવ આપણાં બાપ છે. માટે અંદરો અંદર ઈર્ષ્યા ન કરવી. વચનામૃતમાં વાત આવે છે. મહારાજ કહે છે, ભગવાનના ભક્તોએ પરસ્પર ઈર્ષ્યા ન કરવી. મહારાજે પૂછ્યું એટલે નંદ સંતો પૈકી આનંદાનંદ સ્વામીએ કહ્યું : “હે મહારાજ ! ઈર્ષ્યા તો રહે છે.” ત્યારે શ્રીજી મહારાજે નારદ અને તુંબરુનું દ્રષ્ટાંત આપ્યું અને કહ્યું કે ઈર્ષ્યા કરવી તો નારદજી ના જેવી કરવી. નારદજી તુંબરું પાસેથી ગાન વિદ્યા શીખ્યા અને ભગવાનને રાજી કર્યા. એમ એક બીજા પાસેથી સારી વસ્તુ શીખવી. બીજાના ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણનો ત્યાગ કરવો. પોતાના દોષો જોતા શીખવું. એક બીજાનું ઘસાતું ન બોલવું. તેમાં આપણને જ લાભ છે.

શ્રીજીમહારાજે બહુ દાખડો પરિશ્રમ કરીને આ સંપ્રદાયની રચના કરી છે. નંદ સંતોએ, અમારા વડવાઓએ તથા આગળના મોટા હરિભક્તોએ જેમ ખૂબ પરિશ્રમ કરીને આ સત્સંગને ઉજળો કર્યો છે તેવી જ રીતે એ જ માર્ગે આપણે સૌએ સાથે મળીને, પરિશ્રમ કરીને સત્સંગને વધુને વધુ ઉજળો કરવાનો છે. અને તમે સૌ એ કાર્ય કરી રહ્યા છો. તેનો અમને આનંદ છે, ગર્વ છે. સત્સંગનો વ્યાપ દિન પ્રતિદિન વધતો જ જાય છે. હનુમાનજી શરીર વધારે તેની સાથે પૂછડી પણ લાંબી થાય, પૂછડી આપણે પકડવાનો પ્રયત્ન ન કરવો.

સ્વામીએ (પૂ.પી.પી. સ્વામી, નારાયણઘાટ મહંત) કહ્યું કે, નરનારાયણદેવનો ધર્માદો છેલ્લા ૩-૪ વર્ષ થી ખૂબ વધતો ચાલ્યો છે. ઘણાં એમ પણ કહેતા હોય છે કે દેવને ક્યાં તાણ છે ? અમે કહીએ છીએ દેવ જેવા દેવ છે, મહારાજે પધરાવેલા છે તો પછી તાણ શા માટે હોય ! દેવનું બેંક બેલેન્સ તો સમૃદ્ધ જ હોય ને ! જેને જોવું હોય તે અમારી પાસે આવીને જોઈ લે. આ કારભારી બેઠા છે. હરિભક્તોએ આ દેવને આપેલા ધર્માદામાંથી અમે ફક્ત આ નરનારાયણદેવના મંદિરનો જ જીર્ણોધ્ધાર નથી કરતા. પરંતુ આ દેવના તાબામાં આવેલા નાનામાં નાના ગામના હરિમંદિરોના જીર્ણોધ્ધાર માટે ચેક અહીંથી મોકલી આપીએ છીએ કે જેથી નાનામાં નાનો હરિભક્ત પણ ત્યાં સુખેથી ભજન કરી શકે. જે સંતો ગામડા ફરીને ત્યાં સત્સંગ કરાવીને નરનારાયણદેવનો ધર્માદો લાવે છે એવા સંતોને પણ ધન્ય છે. શ્રીજી મહારાજ તમારી સૌની તમામ શુભ કામનાઓ પરિપૂર્ણ કરે, તથા ભક્તિમાર્ગે અગ્રેસર કરે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# અંતઃકરણનું શુદ્ધિકરણ

- રમેશભાઈ પી. પટેલ (ડાંગરવાવાળા)

સૌ પ્રથમ તો અંતઃકરણ એટલે શું ? અંતઃકરણ શાનું બનેલું છે ? એ વિષે સમજવું ખૂબજ જરૂરી છે. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય અમૃતવાણી એટલે વચનામૃત. ગઢડા પ્રથમના ૧૨ મા વચનામૃતમાં શ્રીજી મહારાજે પુરુષ, પ્રકૃતિ, કાળ અને મહતત્વાદિક ૨૪ તત્વોની ખૂબજ વિસ્તૃત સમજૂતી આપી છે. અંતઃકરણ એટલે ૨૪ મહતત્વાદિક તત્વોમાંના ચાર તત્વો.

(૧) મન (૨) બુદ્ધિ (૩) ચિત્ત અને (૪) અહંકાર આ ચાર તત્વો મળીને અંતઃકરણ બન્યું છે.

મન :- મનની વ્યાખ્યા આપીએ તો એમ કહી શકાય કે વિચારોનું ટોળું એટલે મન. મનમાં અનેક જાતના વિચારો ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે. મન વિચારો કરવામાં થાકતું નથી. વિચારોની ફેકટરી એટલે કે ઉત્પત્તિ સ્થાન એટલે મન. મન દ્વારા સારા અને ખરાબ બન્ને જાતના વિચારો ઉત્પન્ન થાય છે. અને વિચાર એ સર્જનનો પાયો છે. જેવો વિચાર અમલમાં મૂકો તેવું સર્જન થાય.

બુદ્ધિ :- બુદ્ધિ એટલે સામાન્ય રીતે એવું કહી શકાય કે સારા નરસાનો વિવેકપૂર્ણ અભિપ્રાય, બુદ્ધિને વિષે પદાર્થ માત્રનું જ્ઞાન રહ્યું છે. અને સમગ્ર ઈન્દ્રિયો વિષે જે વિશેષ જ્ઞાન છે તે બુદ્ધિ વર્તે છે.

ચિત્ત :- ચિત્ત એટલે મેમરી ભંડાર, યાદ રાખવું. ચોંટી જવું. એટલે ચિત્ત એમ કહેવાય.

અહંકાર :- સાદી ભાષામાં કહીએ તો અહંમ્ મમત્વ ભાવના એટલે અહંકાર. હું અને મારું એટલે અહંકારનો પાયો.

આપણે સામાન્ય રીતે આપણી દિન ચર્યામાં દૈહિક શુદ્ધિકરણ એટલે સ્નાન વિધિ દ્વારા આ બાહ્ય દેખાતા સ્થુળ શરીરની સ્વચ્છતા રાખીએ છીએ. પરિણામે શરીર સ્વચ્છ અને સુઘડ રહી શકે છે. જેવી રીતે બાહ્ય શરીરને સ્વચ્છ અને સુઘડ રાખવામાં જે કાળજી અને નિયમિતતા રાખીએ છીએ તેના કરતાં વધારે કાળજી અને નિયમિતતા આપણા શરીરમાં રહેલા અંતઃકરણને શુદ્ધ કરવામાં રાખવી જોઈએ.

હવે વિચાર એ થાય છે કે બાહ્ય શરીરને શુદ્ધ કરવા નાહવાના સાબુ, પાણી, અનેક પ્રકારના સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરીએ છીએ. પરંતુ અંતઃકરણનું શુદ્ધિકરણ કેવી રીતે કરવું ? તેને શુદ્ધ કરવા હજુ સુધી કોઈ સાબુ, કેમીકલ, કે અન્ય કોઈ વસ્તુ શોધાઈ નથી કે એવું કોઈ મશીન શોધાયું નથી કે તેને શરીરમાં ઉતારી વેક્યુમ કે અન્ય કોઈ સિસ્ટમથી અંતઃકરણનું શુદ્ધિકરણ થાય એવી કોઈજ સિસ્ટમ અસ્તિત્વમાં નથી.

પરંતુ શ્રીજી મહારાજે આપેલી સિસ્ટમના વ્યવસ્થિત અને યથાયોગ્ય ઉપયોગ દ્વારા આપણા અંતઃકરણનું શુદ્ધિકરણ થઈ શકે છે.

એના માટે સૌ પ્રથમ આપણે મનને પકડવું પડશે. મન ખૂબજ ચંચળ અને ચલિત છે. તેને ગતિમર્યાદા નથી. આ ગતિને ઘટાડવી પડશે તો જ મન કંટ્રોલમાં આવી શકશે. એટલે કે મનને જીતી શકીશું. અને જેણે મનને જીતી લીધું તેણે સર્વે જીતી લીધું એવું કહેવાય ! તેના માટે આહાર શુદ્ધિ કરવી પડશે. એટલે કે શુદ્ધ અને સાત્વિક ખોરાક લેવો પડશે. શ્રીજી મહારાજે એટલે જ બહારનું ખાવાની મનાઈ ફરમાવી છે. ''અન્ન એવો ઓડકાર'' આહાર શુદ્ધ હશે તો વિચાર શુદ્ધ આવશે. આહાર શુદ્ધિ એટલે વિચાર શુદ્ધિ. અને વિચાર શુદ્ધિ આવશે તો મન પવિત્ર બનશે.

શ્રીજીમહારાજે મનને કંટ્રોલ કરવા માટે અને અંતઃકરણની શુદ્ધિ માટે ધ્યાનયોગનો અમદાવાદ પ્રથમના પ્રથમ વચનામૃત દ્વારા ખૂબજ સરળ અને સાચો રસ્તો બતાવ્યો છે. તેવી રીતે ધ્યાન કરવાથી મન કેન્દ્રીત થાય છે અને મૂર્તિનું સાચું સુખ પ્રાપ્ત થાય છે.

મન પછી બુદ્ધિનો પણ માનવ જીવનમાં ઉપયોગ થાય છે. તે માટે સતત જાગૃત અને આત્મજ્ઞાનમય બની પરબ્રહ્મ પરમાત્મા સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં દ્રઢ વિશ્વાસ સાથે તેમના સંપૂર્ણ મહાત્મ્યનું જાણપણું રહે.

પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સંપૂર્ણ માહાત્મય અને તેમના દિવ્ય લીલા ચરિત્રોને દેવો પણ સમજી શક્યા નથી અને તેથી વેદો પણ નિગમ નેતિ નેતિ કરીને ગાય છે. એટલે ખ્યાલ એ રાખવાનો કે આપણી બુદ્ધિ સિમિત છે.

પરિણામે પરમાત્માના દિવ્ય લીલા ચરિત્રોને જાણી શકાતા નથી. પરંતુ જાણે અજાણે પણ આપણી બુદ્ધિ દ્વારા ભગવાનના દિવ્ય લીલા ચરિત્રો વિષે શંકા કુશંકા જાગૃત ન થાય તેનું સતત ધ્યાન રાખવું.

હવે ચિત્ત નો ઉપોગ હરહંમેશ ભગવાન અને ભગવાન સંબંધી સંસ્મરણોની અવિરત યાદ તાજી રહે તે માટે કરવો.

અહંકાર જે તે ત્રિગુણાત્મક છે. અને ભૂત માત્ર, ઈંદ્રિયો, અંતઃકરણ, દેવતા અને પ્રાણ એ સર્વની ઉત્પતિનું કારણ છે. અહંકાર એ અંતઃશત્રુમાંનો એક મહાન શત્રુ છે.

અનુસંધાન પેજ નં. ૧૨ પર

# અમને ત્રણ વાત ગમતી નથી

- સાધુ દેવસ્વરૂપદાસ (જયપુર)

એક સમયે શ્રીજી મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીયે સોમબાઈ વાળે ઓરડે દક્ષિણા દે મુખારવિંદે ઉંબરાના થડમાં બિરાજમાન થયા હતા. તે વખતે વાત કરીને બોલ્યા જે, ''અમને ત્રણ વાત ગમતી નથી તે કઈ ? તો (૧) એક તો મનને વિશે અકડતા રાખે, એટલે કોઈ ને નમી શકે નહી, એવો હોય તે અમને ન ગમે. (૨) બીજું પોતાની જાતને મોટો થવાનું કરે, તે પણ અમને ન ગમે. (૩) સાધુ-સંત, હરિભક્ત એમનો કોઈ દ્રોહ કરે તે અમને ન ગમે.''

એક ભક્તનું જીવન અહંકારશૂન્ય અને નિર્મળ હોવું જોઈએ, શ્રીજી મહારાજને પોતાના ભક્ત પ્રાણ કરતાં પણ પ્યારા છે, અને આ વાત સભામાં કહેલી છે, જે સભામાં પોતાના સંતો-ભક્તો જ ઉપસ્થિત હતા માટે તે વાત નો સીધો સંબંધ પોતાના ભક્તોની સાથે છે, સાચા હિતની વાત કોણ કરે જેને સાચું હેત હોય, જેટલો સ્નેહ આપના હૈયામાં મહારાજ માટે છે એથી અધિક મહારાજને આપની ઉપર છે. એની અનુભૂતિ પળે પળે થાય છે. આ વાત શ્રીજી મહારાજે બસો વર્ષ પહેલા કરી છે, જે સનાનત સત્ય છે. આ વાતનું મહત્વ બસો વર્ષ પહેલા હતું એથી અધિક આજે છે. આપની પાસે ઘણી સુંદર મહાન પરંપરામાં મળેલી વાતો છે એને કદી ભૂલશો નહિ. જીવનમાં કશુંક ભૂલવું એ આપણી નાનપણની આદત છે, આપની આ કુટેવથી ઘણી વખત ભગવાન લાચાર થઈ જાય છે. આ વાતનો સાચો બોધ થવો એજ વિરલ ક્ષણ છે.

જે ત્રણ વાત શ્રીજી મહારાજને નથી ગમતી તેનું ઉપસ્થાન અહંકાર છે, અહંકારી ભક્ત જ્ઞાની બની શકે, કર્મયોગી બની શકે પણ સાચો ભક્ત ના બની શકે, ભક્ત ઘણી વખત અહંકારની કેદમાં આવી સાચા આનંદથી ઘણો દૂર થઈ જાય છે. અહિયાં સહજાનંદની વાત છે. સહજાનંદમય બની આનંદના ટોચ ના શિખર ઉપર બેસી પરમાનંદને મળવાની વાત છે. સત્સંગમાં આ આનંદનો ધોધ સદા વહેતો રહે છે તોય ઘણા ખરા કોરાને કોરા રહી જાય છે, આપની સ્થિતિ અડધી પડધી, આછી પાતળી, અસ્પષ્ટ અને ધૂંધળી છે, એના મૂળમાં જો કોઈ કારણ હોય તો અહંકાર છે, અહંતા છોડ્યા વગર પરમેશ્વર તરફ ડગ માંડવાનું મુશ્કેલ છે, દાસભાવ પામ્યા વગર પ્રભુને પામવાનું અશક્ય છે.

સમ્રાટ અશોક પહેલા એ અહંતાથી ઉભરાતો હતો હવે રજથીય નાનો બની રહ્યો હતો. આ પરિવર્તનથી પ્રજાને આનંદ થયેલો. એક દિવસ એ પોતાના અમાત્ય સાથે પગે ચાલીને બહાર ફરવા નીકળેલો.

ત્યાં રસ્તામાં એક ભિખારી મળ્યો. અશોક તેની પાસે ગયો. ભિખારીને તો કોઈ પરવા નહોતી કે કોણ તેની પાસે આવ્યું છે. ને શા માટે ? તે થોડીવાર ઊભો રહી ગયો. અશોક સામે જોયું ને પછી આગળ વધવા જાય છે ત્યાં અશોક નીચે નમ્યો. ભિખારીના ચરણમાં પોતાનું માથું ઝુકાવી દીધું. ભિખારી કોઈ પણ પ્રતિભાવ બતાવ્યા વગર ચાલતો થયો. પણ અમાત્ય અને આ દ્રશ્ય જોનાર નગરજનો તો સ્તબ્ધ થઈ ગયા. તેમને થયું. સમ્રાટ અશોક જેના ચરણમાં માથું ઝુકાવે તે મહાન હોવો જોઈએ. પણ નગરજનો તો એ ભિખારીને ઘણા લાંબા સમયથી ઓળખતા હતા. એ મહાન નહોતો, શૂદ્ર હતો. ભીખના ટૂકડા ઉપર ગુજારો કરતો ને પાછો અહંકાર સમ્રાટ જેવો રાખતો. બધાને આ વાતની નવાઈ લાગીને નવાઈ તો એ વાતની પણ લાગી હતી કે અશોક જેવા સમ્રાટે માથું તેના પગમાં ઝુકાવ્યું છતાં તે બે બદામનો ભિખારી કશું બોલતો નથી. પોતાની અયોગ્યતા પણ વ્યક્ત કરતો નથી. એક આશ્ચર્યનું મોજું ફરી વળ્યું નગરમાં.... મહેલમાં આવ્યા પછી તરત જ અમાત્યે કહ્યું : ''મને આપનું વર્તન ઠીક નથી લાગ્યું.....'' ક્યું ? ''ભિખારીના પગમાં આપે માથું નમાવ્યુ.'' અશોક સાંભળી રહ્યો. અમાત્ય આગળ બોલ્યો : ''આપના જેવા સમ્રાટ....'' ''હું હવે ક્યાં સમ્રાટ રહ્યો છું ?'' અશોક વચ્ચે બોલ્યો. ''આપની કીર્તિ એટલી બધી છે કે આપ હજુ પણ સમ્રાટ છો. જગતનો કોઈ સમ્રાટ આપની કીર્તિને કદાચ નહિ આંબી શકે.'' અશોક માત્ર મંદમંદ હસ્યો અને ચૂપ રહ્યો. ચાર-છ મહિના પછી અશોકે મહાઅમાત્યને બોલાવ્યા અને કહ્યું : ''એક કામ તમને સોંપું છું.'' ''આજ્ઞા કરો.'' પણ એ કામ તમારે જાતે જ કરવાનું છે. ''શું કામ છે '' ''તમે નજીક આવો. હું સમજાવું.'' અમાત્ય નજીક ગયો. અશોકે કહ્યું : ''મારા પૂર્વ જીવનમાં મેં ઘણા શિકાર કરેલા. પ્રાણીઓના અને માણસોના. તમે તો જાણો છો કે મને એ વખતે પ્રાણીઓની ખોપરીઓ એકઠી કરવાનો શોખ હતો. એક અહંકાર હતો કે મે આવાં આવાં પ્રાણીઓના શિકાર કર્યા છે. એ બતાવવાનો !'' જી હું જાણું છું. પણ એ બધું તો છૂટી ગયું છે. ''ના નથી છૂટ્યું. હજુ સચવાયેલું છે. પણ હવે એ છોડવા માગું છું.'' ''કઈ રીતે ?'' ''એ ખોપરીઓ જ્યાં સુધી અહીં છે, આ મહેલમાં છે ત્યાં સુધી એ પૂર્વજીનનાં પાપ મને પીડ્યા કરશે.'' ''તો એનો નાશ કરી નાંખીએ.''

અનુસંધાન પેજ નં. ૧૬ પર

# માણસા મુકામે શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પ્રથમ શિબિરનું આયોજન

- શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, માણસા)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા શ્રીનરનારાયણદેવ યુવક મંડળ, હિરાવાડી (ટીમ નં. ૫) તથા માણસા વિસ્તાર દ્વારા આયોજીત શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, પ્રથમ શિબિર (બાલવા દેશ, મોખાસણ દેશ, લાંઘણજ દેશ, વિહાર-ગેરીતા દેશ, વિસનગર દેશ તથા માણસા દેશના ભક્તો માટે) તા. ૨૧-૭-૨૦૧૨ ને શનિવારના રોજ માણસા મુકામે અડતાલીસ ગામ પાટીદાર વાડી માં પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં સંપન્ન થઈ.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોના ઘણા આગ્રહને લઈ શિબિરનું આયોજન પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી થયેલ. શિબિરના પ્રારંભમાં શ્રી ભરતભાઈ ઠક્કર (જીવરાજપાર્ક) દ્વારા યુવક મંડળની પ્રવૃતિની વિસ્તારથી માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ શિબિરના મુખ્ય યજમાનશ્રી પ.ભ. અંબાલાલભાઈ જોઈતારામ પટેલ દ્વારા પ.પૂ. મહારાજશ્રી પૂજન અર્ચન અને આરતી થઈ. ત્યારબાદ શા.સ્વા. નિર્ગુણદાસજી (અસારવા ગુરુકુળ) એ શ્રી નરનારાયણદેવનો મહિમા ભક્તોને સંભળાવ્યો હતા. કાલુપુર તથા સમગ્ર અમદાવાદ દેશના વહિવટ ખાતાની માહિતી શા.સ્વા. પી.પી. સ્વામી (મહંતશ્રી, નારાયણઘાટ) એ આપી હતી. જેમાં યુવાનોને સમગ્ર શિબિરનો સૌથી વધુ આનંદ મળ્યો હતો એવી પ.પૂ. મહારાજશ્રી સાથેની વિસ્તાર પ્રમાણે ભક્તોની મુલાકાત તથા પ્રશ્નોતરીનું આયોજન થયેલ. પૂ. મહારાજશ્રીએ યુવાનોને જાગ્રત થવા માટે સજાગ કર્યા અને ૧ કલાક સુધી મનનીય પ્રવચનના માધ્યમથી આશીર્વાદ પાઠવ્યા અને આયોજકોને આયોજન બદલ શુભેચ્છા પાઠવી. ત્યારબાદ સર્વે યુવાનો માટે સમૂહ મહાપ્રસાદનું આયોજન થયું. અને સભામાં પ.ભ. શ્રી ઉદયનભાઈ મહારાજાએ ધર્મકુળના મહિમા વિશે સુંદર વાત કરી હતી. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર) એ નિયમ, નિશ્ચય અને પક્ષ વિષે સારું એવું જ્ઞાન ભક્તોને પીરસ્યું હતું અને છેલ્લે પ.ભ. શ્રી નિલેશભાઈ દ્વારા એક પ્રોજેકટ શો બતાવવામાં આવ્યો હતો. જેમાં વચનામૃત અને શિક્ષાપત્રી દ્વારા સુખી જીવન જીવવાની રીતનું ચરિત્ર ચિત્રણ હતું. સર્વે યુવાનોને ૪ પુસ્તકની કીટ આયોજકો દ્વારા મેળવી છૂટા પડ્યા હતા.

સમગ્ર શિબિરમાં ૭૦ ગામડાઓમાંથી ૧૦૦૦ થી પણ વધારે શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ ભાગ લીધો હતો. સમગ્ર શિબિરનું સભા સંચાલન પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ પટેલે (શ્રી નરનારાયણ યુવક મંડળ, હિરાવાડી) સંભાળ્યું હતું.

અનુસંધાન પેજ ૧૦ નું

## અંતઃકરણનું શુદ્ધિકરણ

જે આપણા મોક્ષમાર્ગમાં સદાય બાધારૂપ બનીને આડો આવે છે. માટે જેમ આપણી આંગળીઓના નખ છે તે જેમ દર અઠવાડીએ વધે છે અને આપણે તેને કાપીએ છીએ અને મૂળ સ્થિતિમાં લાવીએ છીએ તેમ આપણો અહંકાર પણ સતત વધતો ન રહે તે માટે તેને હરરોજ કાપતા રહેવું જોઈએ, એટલે કે આપણે તરત જ મનમાં વિચારવું કે હું કૌણ છું ? હું સત્સંગી છું. અને મને આ ન શોભે તેનું સ્મરણ આપણામાં અવિરત પણે રહેવું જોઈએ.

આપણા શરીરમાં રહેલી દસ ઈન્દ્રિઓ શ્રોત્ર, ત્વક, ચક્ષુ, રસના, ઘ્રાણ, વાક, પાણી, પાદ, વાયું અને ઉપસ્થ. જેમાંની પાંચ ઈન્દ્રિયો જ્ઞાનેન્દ્રીય છે. અને પાંચે કર્મેન્દ્રિયો છે. તે દસ ઈન્દ્રિઓ અને અગિયારમું મન આ બધાને એક સાથે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવામાં કેન્દ્રીત કરવી પડશે. અને ત્યારે જ અંતઃકરણમાં ચોટેલા જન્મો જન્મના પાપ ધ્યાનરૂપી અગ્નિ દ્વારા બળવા માંડે છે. અને તેટલા અંશે અંતઃકરણ શુદ્ધ થવા લાગે છે.

સર્વોપરી, સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય મૂર્તિ અને દિવ્યશાંતિની અનુભૂતિ થવા લાગે છે.

ઉપરાંત અંતઃકરણની શુદ્ધિકરણની પ્રક્રિયા સતત ચાલુ રાખવા માટે બ્રહ્માનંદ સ્વામીએ તેમના કીર્તનમાં કહ્યું છે તેમ ''સંત સમાગમ કીજે હો નિશ દિન સંત સમાગમ કિજે'' એ રીતે રોજે રોજ મનને તંદુરસ્ત રાખવા માટે આધ્યાત્મિક ખોરાક સંતોના સમાગમ દ્વારા નિયમિત મેળવતા રહેવું જોઈએ.......

જેથી નિરંતર અંતઃકરણની શુદ્ધિકરણની પ્રક્રિયા ચાલુ રહેશે. પરિણામ સ્વરૂપ ભગવાનના ધામની પ્રાપ્તિ માટેનો રસ્તો ખૂબજ સરળ રીતે બની જશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....





ધરમપુરના કુશળકુંવરબા ના કુંવરને તેમની પાઘના કાપડ ઉપર એક સાથે ૪૦ જોડ ચરણાર્વિંદ પાડી આપીને શ્રીજી મહારાજે ચરણાર્વિંદ આપવાની શુભ શરૂઆત કરી હતી. ઉપરોક્ત શ્રીજી મહારાજના ચરણાર્વિંદ ઈડરના રાજા જવાનસિંહએ ઈડર મંદિરમાં પધરાવેલ જે હાલ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૧માં રાખવામાં આવેલ છે. મ્યુઝિયમમાં રાખવામાં આવેલ વસ્તુઓને પધરાવવાની શુભ શરૂઆત પ.પૂ.લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.શ્રીરાજાના વરદ્ હસ્તે આ ચરણાર્વિંદથીજ થઈ હતી.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જુલાઈ-૨૦૧૨

- રૂા. ૧,૦૦,૦૦૦/- પુરાણી સ્વા. હરિસ્વરૂપદાસજી ગુરૂ શાસ્ત્રી સ્વામી હરિશ્ચંદ્રપ્રકાશદાસજી - અમદાવાદ
- રૂા. ૨૬,૦૦૦/- રામભાઈ અંબાલાલ પટેલ પરિવાર - ગાંધીનગર
   હ. શાંતાબેન, ગીરાબેન (વડુવાળા), પુષ્પાબેન,
  સુરેખા બેન, રેણુકાબેન, અર્ચના, માનસી, હર્ષ, આલાપ કુણાલ તથા ગ્રહા
- રૂા. ૧૫,૫૫૫/- અ.નિ.એમ.એલ.ભાલજા સાહેબ મંડળ - અમદાવાદ
- રૂા. ૧૧,૧૧૧/- અ.નિ. કાંતાબેનના સ્મરણાર્થે, અમદાવાદ
- રૂા. ૧૧,૦૦૦/- ધીરજભાઈ કરશનભાઈ પટેલ - ધરમપુર
- રૂા. ૧૧,૦૦૦/- સુરેન્દ્રભાઈ શાહ (એસન્ન વિન્ડો એન્ડ ડોર) મુંબઈ
- રૂા. ૧૧,૦૦૦/- પટેલ પુનમભાઈ મગનભાઈ, અમદાવાદ.
- રૂા. ૧૧,૦૦૦/- કંકુબેન ધરમદાસ (હ. મંગનભાઈ ગોવિંદભાઈ), ડાંગરવા
- રૂા. ૧૦,૦૦૦/- પુનમભાઈ એમ. પટેલ - અમદાવાદ
- રૂા. ૫,૫૦૦/- ચાવડા રાજેન્દ્રસીંગ ભીખાજી મફાજી - બિલોદરા
- રૂા. ૫,૦૦૧/- પ્રતાપભાઈ જે. પરમાર (બળોલવાળા) અમદાવાદ
- રૂા. ૫,૦૦૧/- ચૌહાણ મનજીભાઈ કરશનભાઈ - બોટાદ
- રૂા. ૫,૦૦૧/- શાહ બિપીનચંદ્ર ઓચ્છવલાલ - નવા વાડજ
- રૂા. ૫,૦૦૧/- નિલય વ્યોમેશભાઈ શાહ - ઘાટલોડીયા
- રૂા. ૫,૦૦૦/- મંજુલાબેન કનૈયાલાલ પટેલ - નવા વાડજ
- રૂા. ૫,૦૦૦/- ઘનશ્યામ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ - બોપલ
  હ. મીના કે. જોષી
- રૂા. ૫,૦૦૦/- અંબાલાલ કરશનભાઈ પટેલ - કડી
  હ. અલ્પેશભાઈ

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

# અભિપ્રાય

મ્યુઝિયમમાં પ્રવેશ કરતાની સાથેજ અંતરમાં શાંતિ શાંતિ થઈ ગઈ જાણે કે અક્ષરધામમાં મહારાજની સમીપમાં પ્રવેશ કરતા હોય તેવો અનુભવ થયો. મનમાં ચાલતા બધાજ સંકલ્પો વિરામ પામી ગયા અને દર્શનનો દિવ્ય આનંદ આવ્યો. આંખમાંથી હર્ષના આંસુ આવી ગયા. જીવનની ધન્યતાનો અનુભવ થયો. પ.પૂ. મોટા મહારાજશ્રીનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે કે જેમણે અમને આવા દિવ્ય દર્શનનું સુખ આપ્યું છે.

- સાં.યો.કંચનબા તથા સાં.યો.કુંદનબા - મેડા

અક્ષરધામ કેવું છે તે આ દેહથી તો અનુભવ નથી, પરંતુ અહિં આવ્યા પછી એવું લાગે છે કે તે કાંઈક આવું જ હશે.

- પા. કાન્તિ ભગત, ઉમરેઠ

પ્રાચીન અને પવિત્ર પ્રસાદીની જાળવણીની પદ્ધતિ જોઈ પોતાના ઈષ્ટદેવે ઉપયોગમાં લીધેલી વસ્તુઓના દર્શન કરતા આપણા ચિત્તમાં વિશેષ સંવેદના જાગૃત બનતી હોય છે. આવી સંવેદનાથી સાક્ષાત્ પરમાત્માના દર્શનની અનુભૂતિ થાય છે. આવી અનુભૂતિ કોઈને પણ થાય તેવું આ મ્યુઝિયમ બનાવ્યું છે.

- રાજ શેખર ચંદ્ર (જૈન મુનિ)

અનેક જીવાત્માના કલ્યાણ અર્થે સ્વયં સ્વામિનારાયણ ભગવાને લૌકિક વસ્તુઓનો સ્પર્શ કરી અલૌકિક (મોક્ષદાયી) બનાવી છે. એવી પવિત્ર પ્રસાદીભૂત આ વસ્તુઓના દર્શન માત્રથી અંતરમાં બહુજ શાંતિની અનુભૂતિ થઈ છે. પ.પૂ. મોટા મહારાજશ્રીએ આ સોનામાં સુગંધ ભળે એવું કાર્ય કરાવ્યું છે. મ્યુઝિયમની અંદર લગભગ પ્રસાદીની વસ્તુઓ છે તેજ પ્રમાણે સુંદર એની જાળવણી પણ થાય છે અને એટલી જ સાફસફાઈ પણ રાખવામાં આવે છે. એ જોઈ બહુજ આનંદ થયો.

- હરિપ્રકાશ શાસ્ત્રી, વડતાલ

I feel even three hours spent in the museum were not sufficient to grasp the details of each of the exhibit displayed. The smallest of the details in the project in not over looked. The labour put in by Pujya Mota Maharajshri, has achieved something which cannot be repeated in future. I believe, Mota Maharajshri, guided in the shadow of Bhagwan Swaminarayan.

- Surendra Shah, Mumbai

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જુલાઈ-૨૦૧૨**

તા.૦૧. શામજી વેલજી પીંડોરીયા, સુંદરબાઈ કરશન હીરાણી, (કચ્છ-ભુજ) હા.લંડન
મંજુબેન કાંતિ વેકરીયા
હ. પ્રેમજીભાઈ રામજીભાઈ

તા.૧૫. કરશનભાઈ કે. રાઘવાણી પરિવાર - અમદાવાદ

તા.૨૧. હરિશભાઈ એચ.સોની - ગાંધીનગર હ.સરોજબેન સોની

તા.૨૨ અમિત મુળજીભાઈ ચૌધરી - માણેકપુર

તા.૨૯. રાણીપ સત્સંગ મંડળ



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## તાજા ગોળની મીઠાશ

- શાસ્ત્રીહરિપ્રિયદાસ(ગાંધીનગર)

સ્વર્ગથી પણ અધિક અને અક્ષરધામરૂપ એવું છપૈયાધામ. વહેલી પ્રભાતનો સમય થયો છે. સૂર્યનારાયણ તેમના કોમળ કો કિરણોરૂપી સુવર્ણ ચાદર ધરા ઉપર બિછાવવાની તૈયારી કરી રહ્યાં છે. પ્રફુલ્લિત અને આહ્‌લાદક વાતાવરણ છે. મીન સરોવર, નારાયણ સરોવર અને ગાયઘાટનાં નીર ખળખળ વહી રહ્યાં છે. ઘરે ઘરેથી પ્રભાતિયાં ગવાતાં હોય, વલોણાં અને ઘંટીના ફરવાના ઘરર...ઘરર.... અવાજમાંથી રાગ ભૈરવી પ્રગટતો હોય એમ જણાય છે !! આવા સુંદર વાતાવરણમાં કોને સૂઈ રહેવું ગમે ? કોઈને નહીં. આવા જ સમયે શ્રી ઘનશ્યામ મહારાજના ઘરે સવારના સમયે ભક્તિમાતા દળતાં દળતાં પ્રભાતિયું ગાતાં જાય છે. એ સાંભળી ઘનશ્યામ મહારાજ નિદ્રાનો ત્યાગ કરી ઉઠી ગયા છે.

ત્યારપછી સવારની દૈનિક ક્રિયાથી પરવારી પ્રથમ પિતાજી ધર્મદેવને અને પછી ભક્તિમાતાને પ્રણામ કર્યા છે. પછી પિતા પાસે બેસી પૂજા-પાઠ કરી સ્વાધ્યાય લઈ શાસ્ત્રો શીખે છે અને પછી બાળસખા સાથે રમવા જવાની માતા-પિતા પાસે આજ્ઞા માગે છે. અને હર્ષભેર માતાપિતા અનુમતિ આપે છે પણ સાથે શિખામણ આપે છે. જો.... જો.... જાળવીને રમજો અને હા.... કોઈને ત્રાસ થાય એવી રમત ના રમશો. ઘનશ્યામ મહારાજ કહે - સારૂં એમ જ કરીશું. ઘર બહાર નીકળ્યા. ઘરની બહાર બાળ સખા રાહ જોઈ જ રહ્યા હતાં. - પ્રભુને મળ્યા અને વાતો કરવા માંડ્યા, ઘનશ્યામજી આજે કઈ તરફ રમવા જઈશું ? તમે જ કહો, તમને પહેલાં કોનું ઘર યાદ આવે ? ''મામા''નું ...... હા એમ જ ઘનશ્યામ મહારાજે પણ કહ્યું, ''જુઓ મિત્રો ! આપણા મોતી મામાનું ખેતર અહીંથી નજીક જ છે. અને વળી સાંભળ્યું છે કે, શેરડી બહુ જ થઈ છે અને ગોળ બનાવવા રસના 'કોલા' પણ બેસાડ્યાં છે. ત્યાં જઈએ તો કેવું ? બધા જ બાળમિત્રો એકી સાથે બોલી ઊઠ્યા, ત્યાં જ જઈએ. મામાના ખેતરે અને વળી શેરડીનો તાજો તાજો નીકળતો રસ પીવાની બહુ જ મઝા આવશે ! ત્યાં તો એક મિત્ર બોલ્યો, મોડું શા માટે કરો છો? મારાં મોં માં તો અત્યારથી પાણી આવવા માડ્યું છે. ચાલો જલ્દી પહોંચી જઈએ.

આમ, ઘનશ્યામ મહારાજ અને બાલમિત્રોની મંડળી નીકળી. ત્યાં તો ઘનશ્યામ મહારાજનો બાળસખા 'વેણી' બોલ્યો, અરે, ઘનશ્યામજી મામાના ખેતરે જતાં

વચમાં સૂરજા મામીનું ઘર આવે છે તો ત્યાં પણ જતા જઈએ તો કેમ ? ઘનશ્યામ કહે હા, એમ જ કરીશું. બધા સૂરજામામીના ઘરે ગયા. મામીએ ઘનશ્યામજીની તથા બાળસખાની સરભરા કરી. બાળકો આંબલી-પીપળી, સંતાકુકડી રમયા અને પછી મામાના ખેતર ભણી ચાલ્યા - રસ્તામાં મામીએ કેવી સરભરા કરી તેની હોંશથી અને આનંદથી વાતો કરતા જતા હતાં. ત્યાં તો દૂરથી મામાનું ખેતર દેખાયું. બાળમિત્રોની ધીરજ રહી નહી. ને ખેતરભણી દોડ્યા. શેરડી પીલાતી હતી અને ગોળ બનતો હતો. તેની સુગંધથી બાળકો અધિરા બની ગયા !

ફટાફટ કોલામાંથી નીકળતો શેરડીનો તાજો રસ પીવા માંડ્યા. પણ ઘનશ્યામજી તો રસને અડ્યા જ નહી. અને શેરડીનો સાંઠો લઈ, ધોઈ અને મુખ વડે છોતરાં ઉતારી દાંતથી ચૂસવા માંડ્યા. કારણ કે ઘનશ્યામ મહારાજને ખબર હતી કે શેરડીને ચૂસીને ખાવાથી ફાયદો થાય છે. તૈયાર રસ પીવાથી ફાયદો થતો નથી. મિત્રોએ ધરાઈને રસ પીધો. પછી ગરમ ગરમ ગોળના રસના વાટકા ભર્યા અને એ પણ પીધાં. મિત્રો બોલી ઉઠ્યા, હાશ ! સારૂ થજો ઘનશ્યામજી તમારૂં કે અમને આ જ રસ અને ગોળ તાજેતાજા જમવા મળ્યા !!

બપોર થઈ ગઈ હતી. હવે બાળકો ગરમીથી અકળાયા તે ઘનશ્યામજીને કહે, ચાલો મીનરોવર પાસે મોટો મહુડો છે ત્યાં શિતળ છાયા છે ત્યાં જઈને આરામ કરીશું. બધા ચાલ્યા તે મહુડાના વૃક્ષ પાસે પહોંચ્યા. ત્યાં જ એક મોટા નાગને જોઈ મિત્રો ગભરાઈ ગયા ને પાછા પડ્યા. જુઓ, ઘનશ્યામ ત્યાં બખોલમાં મોટો નાગ છે. પાછા વળી જઈએ. ઘનશ્યામજીતો નિર્ભય મૂર્તિ છે. મિત્રોને આશ્વાસન આપ્યું. અને મહુડાની નજીક ગયાં ત્યાં તો તે નાગ ઘનશ્યામજીના ચરણમાં આળોટવા લાગ્યો અને મનુષ્ય શરીર ધારણ કરી પ્રાર્થના સાથે આજીજી કરવા લાગ્યો.

યાદ છે, ઘનશ્યામજી ! કૃષ્ણાવતારમાં યમુનાના ધરામાં હું મારી બે પત્નીઓ સાથે રહેતો હતો ત્યારે હું તમારી સામો થયો હતો. એ અપરાધના કારણે મારો મોક્ષ થયો નથી તો આપ કૃપા કરીને મારો મોક્ષ કરો. તેની પ્રાર્થના અને આજીજીથી ઘનશ્યામ મહારાજે કરૂણા કરી શિતળ દ્રષ્ટિ તેના ઉપર કરી ત્યાં તો તેનો નાગનો દેહ છૂટી ગયો. અને દિવ્ય દેહ ધારણ કરી વિમાનમાં બેસી ધામને પામ્યો. આમ શ્રી ઘનશ્યામજીએ એક સાથે બે કામ કર્યા. બાળકોને રમાડ્યા, હસાડ્યા અને કૃષ્ણાવતારમાં કાલીયનાગના મોક્ષનું બાકી રહેલું કામ શ્રીહરિએ આ વખતે પૂર્ણ કર્યું.

બાળમિત્રો ! ઘનશ્યામ મહારાજના બાલચરિત્ર ઉપરથી આપણે એ પ્રેરણા લેવી જોઈએ - દરરોજ વહેલા જાગવું, માતા-પિતાને વંદન કરવા, પૂજા પાઠથી પરવારી અભ્યાસમાં ધ્યાન આપવું અને માતા-પિતાની અનુમતિ લઈને રમવું. જો આવી રીતે કરીશું તો આપણને પણ ઘનશ્યામ મહારાજ શેરડીનો રસ પાસે અને તાજો ગોળ જમાડશે. ને જીંદગીમાં સદાય સુખ અને આનંદ રહેશે.

અનુસંધાન પેજ ૧૧ નું

## અમને ત્રણ વાત ગમતી નથી

'ના, નાશ નથી કરવો, અમાત્યજી, દરેક વસ્તુનો ઉપયોગ હોય છે, જેનો ઉપયોગ હોય છે તેની કિંમત પણ હોય છે.'' ''સમજી ગયો.'' ''આપણા નગરમાં એવા કેટલાક માણસો છે, જે ખોપરીઓ વેચાતી લે છે.'' ''હા છે !'' ''તો, આ ખોપરીઓ તેને વેચી આવો.'' અશોકે કેટલીક ખોપરીઓ તેની પાસે લાવીને મૂકી. અમાત્ય તો જોઈ જ રહ્યો. કેટલી બધી ખોપરીઓ હતી ! ગાય, બકરી, ભેંસ, વાઘ, ઊંટ, ચિતા, સિંહ, ઘોડા અને માણસની ખોપરીઓનું એક પોટલું બંધાવીને તે નગરમાં ઊપડ્યો. માણસ સિવાયની બધી ખોપરી વેચાઈ ગઈ. ખૂબ મહેનત કરવા છતાં માણસની ખોપરી ખરીદવાવાળું કોઈ ન મળ્યું ત્યારે તે સાંજે પાછો ફર્યો ને અશોકને કહ્યું. ''આ માસણની ખોપરી બચી છે કોઈ વેચાતી નથી લેતું.'' મફતમાં આપીદો. ''અમાત્ય બીજે દિવસે નગરમાં ગયો. બપોરે પાછો ફર્યો ને કહ્યું, ''મફતમાં પણ કોઈ નથી લેતું.'' ''હું મરી જાઉં ને મારી ખોપરી વેચવા જાઓ તો કંઈ ફેર પડે ખરો ? કોઈ ખરીદે ખરું ? ''અમાત્ય થોડો ડરી ગયો ને પછી બોલ્યો : ''માફ કરો તો કહું. આપની ખોપરી પણ કોઈ નહિ ખરીદ કરે. મને પહેલીવાર જાણ થઈ કે માણસની ખોપરીની કોઈ કિંમત નથી.'' ''ઠીક છે, તો મેં ભિખારીના પગમાં માથું નમાવ્યું તેની નવાઈ કેમ લાગી ? માણસના માથાની કોઈ કિંમત નથી તેમ માણસના અહંકારની પણ કોઈ કિંમત નથી. માથું તો અહંકારનું પ્રતીક છે. એટલે અહંકારને ચૂરચૂર કરવા મસ્તક ઝુકાવવું જરૂરી છે. આ મસ્તક નમશે તો અહંકાર દૂર થશે.''

અહંકાર-શૂન્યતા. જ્યારે મનુષ્ય પોતાની જાતને નગણ્ય માને અને ઈશ્વરને સર્વોપરી માને ત્યારે જ ઈશ્વર સાથે વાતચિતની ભૂમિકા ઊભી થાય છે, રામચરિત માનસમાં તુલસીદાસજી કહે છે, અહંકાર અતિ દુખદ ડમરુઆ ''અહંકાર અત્યંત દુઃખ આપનારું ડમરું (ગાંઠનો) રોગ છે. જ્યારે અહંકારના ટુકડે ટુકડા કરવાની વાત થતી હોય અને ત્યારે મુક્તાનંદ સ્વામીનું વિરલ અને સૌથી અસરકારક કીર્તન ની કડી ને યાદ ના કરીએ તો બધું અધુરું અધુરું લાગે.'' મોહનવર ને માન સંગાથે વેર જો.''

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"અપેક્ષા માત્ર પરમાત્મા પાસે જ રાખવી"**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ, ઘોડાસર)

આજે નિયમની એકાદશી છે. તો મહારાજે આજ્ઞા કરી છે કે દરેક સત્સંગીએ કોઈને કોઈ નિયમ અવશ્ય લેવું. તો નિયમ કેવા લેવા ? તમે ચાર મહિના સુધી શ્રધ્ધાથી પ્રેમ સહિત સરળતાથી કરી શકો તેવા નિયમ લેવા. ગયા વર્ષે નિયમ આપેલ તે બધાને યાદ છે ને ? રાગ-દ્વેષ, અહંકાર આ બધું નહિ રાખવાનું. આ બધા અવગુણોથી તો આપણે જીવન-પર્યંત દૂર રહેવું પડે. પરંતુ વર્ષ દરમ્યાન તમારા બધાથી આમા કાંઈ કચાશ રહી જતી હોય તો ચાતુર્માસમાં દૃઢ નિયમ લઈને કચાશને દૂર કરવાની છે. અને અહંકારથી ખાસ દૂર રહેવાનું છે. અહંકાર એ એક એવો દુર્ગણ છે કે આપણામાં જેટલા સદ્‌ગુણો છે તેને વ્યર્થ કરી નાખે છે. બીજાને જ્ઞાનમાં-ભક્તિમાં કોઈ પણ રીતે આપણાથી તુચ્છ માનવા તે અહંકારની નિશાની છે. અને કોઈપણ વ્યક્તિ પાસેથી કાંઈ પણ અપેક્ષા નહિ રાખવાની. કેમ કે ? અપેક્ષાથી જ ઉપેક્ષાનો જન્મ થાય છે. ઉપેક્ષા એટલે અનાદર, ઈર્ષા-નિંદા, અહંકાર આ બધું અપેક્ષાથી જ ઉત્પન્ન થાય છે. અને અપેક્ષા પોતાની એક નજર ભાવિ તરફ પણ રાખે છે. કોઈપણ વ્યક્તિને કોઈપણ વ્યક્તિ પાસે અપેક્ષા ન હોય તો પણ જીવન જીવવા માટે કાંઈક ઈચ્છા તો હોય જ છે. કારણ કે વ્યક્તિને કાંઈ પણ ઈચ્છા જ ન હોય તો જીવનનો કોઈ અર્થ જ રહેતો નથી, જીવન નકામું બની જાય છે. તો પોતાની ઈચ્છા પુરી કરવા માટે અપેક્ષા પણ હોય છે. તો જ્યારે ઈચ્છા છે તો ઈચ્છા પુરી ન થાય તો આપણે દુઃખી થઈ જઈએ છીએ અને પરમાત્મા પરથી શ્રદ્ધા ઓછી થઈ જાય છે. જીવનમાં નકારાત્મક વિચારો આવે છે. અને જીવન દુઃખી થઈ જાય છે. અને જો ઈચ્છા પુરી થઈ જાય તો તેમાં લાલચ થઈ જાય છે. અને તેમાં લલચાઈને તે વાસનામાં પરિવર્તિત થઈ જાય છે. તો કરવું શું? તો એવી અપેક્ષા રાખવી કે મારા જીવનમાં જે કાંઈ થાય તે બધું મહારાજની ઈચ્છાથી થાય.

અને ઉપેક્ષા ભૂત-ભવિષ્ય બન્ને તરફ હોય છે. એટલે કે ભૂતકાળમાં કોઈએ આપણો અનાદર કર્યો હોય તે આપણે ભૂલતા નથી અને ભવિષ્યમાં આપણને જ્યારે મોકો મળે ત્યારે આપણે તેનું અપમાન કરવાનું ચૂકતા નથી. તો આપણે તે સમયે અપમાન નહિ કરતા સંયમ રાખવાનો. શાંત રહેવાનું અને અંદરથી આપણે તે વ્યક્તિ પાસે કોઈ પણ અપેક્ષા નહિ રાખવાની તો આપણું મગજ શાંત રહેશે. આપણી સહન શક્તિ વધશે. તમે કોઈને પ્રેમ આપો અને સામેથી હેત ન મળે તો પણ ઢીલા નહિ થઈ જવાનું પરંતુ તમારા લીધા જ મને પરમાત્મા તરફ આગળ વધવામાં મદદ મળે છે. તેમ ગુણ લેવાનો છે. આજે નિંદા, અપમાન, અન્યાય વગેરે સહન કરવા માટે માનસિક શાંતિની ખૂબ જરૂર છે. આપણામાં માનસિક શાંતિ છે જ નહિ. અને આપણે એવી અપેક્ષા રાખીએ છીએ કે હું જે માણસ પાસેથી જે ઈચ્છું છું તે જ થવું જોઈએ. અને તેમ ન થાય તો દુઃખ થાય છે. પરંતુ આપણે તેવી અપેક્ષા નથી રાખવાની અને જે દુઃખ આવે તે સહન કરવાનું અને આપણું દુઃખ માત્ર મહારાજને જ કહેવાનું. આજે દરેક વ્યક્તિ પોતાના જીવનમાં એટલી વ્યસ્ત હોય છે કે તમારી વાત સાંભળવાનો સમય જ નથી. અને તમારી વાત સાંભળે તો પણ ૮૦% લોકો એવા છે કે જેને કાંઈ પડી જ નથી. અને ૧૦% લોકો એવા હોય છે કે જે કાંઈ કરવાનો પ્રયત્ન કરે તો પણ કાંઈ કરી શકતા નથી. માટે તમારા ઘરમાં મહારાજના સિંહાસન પાસે બેસીને મહારાજને ફરિયાદ કરી દેવાની. કેમ કે ? મહારાજ અંતર્યામી છે. દરેક ક્ષણ-ક્ષણની તેમને ખબર છે. જેનાથી આપણું દુઃખ ઘણું ઓછું થઈ જાય છે. માટે પરમાત્મા સિવાય બીજે ક્યાંય અપેક્ષા રાખશું તો અપમાન જ થશે. માટે એક પરમાત્મા પાસે જ એવી અપેક્ષા રાખવાની કે મારા જીવનમાં જે કાંઈ થાય તે આપની ઈચ્છાથી જ થાય. પરંતુ આવા બનવા માટે ત્રિગુણાતીત થવું પડે. ત્રિગુણાતીત એટલે સત્વગુણ, રજોગુણ અને તમોગુણ ત્રણેય ગુણોથી પર થવું તેને ત્રિગુણાતીત કહેવામાં આવે છે. જે વ્યક્તિને ત્રિગુણાતીત સ્થિતિ પ્રાપ્ત થાય તેને સુખ અને દુઃખમાં સમાન સ્થિતિ રહે છે. માટે ભગવાનના સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા રાખી તમોગુણથી રજોગુણ તરફ અને રજોગુણથી સત્ત્વગુણ તરફ આગળ વધવાનો પ્રયત્ન કરવાનો છે. અને છેલ્લે સત્ત્વગુણથી પણ પર થવાનું છે. કેમ કે ? સત્ત્વગુણ નિર્મળ હોવા છતાં પણ બંધનકારક છે. અને સત્ત્વગુણથી પર થવા માટે સાત્ત્વિક કાર્યોને સહજ

બનાવી દેવાના છે. દા.ત. આપણે રોજ શ્વાસ લઈએ છીએ તેને ભૂલી જઈએ છીએ ને ? તેમ સાત્ત્વિક કાર્યો દરરોજ કરવાના છે. એટલે તે ભૂલાઈ જશે અને તેનો અહંકાર નહિ રહે. અને આપણો માનવજીવનનો સમયગાળો ખૂબ જ ટૂંકો છે. તો આપણે આ બધી નજીવી બાબતોનો વિચાર કરીને સમય બગાડીએ તે આપણને પોષાય જ નહિ. આ જગત અજ્ઞાની માણસોથી સભર છે. દુનિયામાં દરેક માણસમાં કોઈને કોઈ અવગુણ તો હોવાનો જ છે. સર્વગુણ સંપન્ન તો એક માત્ર પરમાત્મા જ છે. માટે આપણે કથા શ્રવણ કરીને આત્મચિંતન કરવાનું કે મારા જીવનમાં ક્યાં કચાશ છે. મારામા ક્યા અવગુણો છે. સત્સંગ એટલા માટે જ છે. માટે જીવન-પર્યંત તમે આ બધા સદ્‌ગુણોમાં રહી શકો તેમજ તમે લીધેલા નિયમો શ્રધ્ધા અને પ્રેમથી પુરા કરી શકો તેવું બળ તેમજ શક્તિ તમને શ્રી નરનારાયણદેવ આપે તેવી આજના દિવસે શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

## નીચી ટેલ મળે તો માને ભાગ્યજો

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળ પાયામાં જ સેવા-ભક્તિના ભોગ અપાયા છે. સેવા-ભક્તિની ઈંટ ઉપર રચાયેલો સંપ્રદાય છે. સેવક થવામાં જે સુખ રહ્યું છે તે શિરતાજ થવામાં તો નથી. જેમ ભોગાવાની રેતીમાં ભળેલી ખાંડ જુદી કરવાનું કામ કીડીથી જ થઈ શકે, પરંતુ હાથી જેવું મોટું પ્રાણી ત્યાં ઉંભુ રાખીએ તો સૂંઢ ફેરવવા છતાં કાંઈ ખાંડ થોડી મળે ? એવી જ રીતે માયાનું વ્રજ જેવું આવરણ તોડીને અક્ષરધામની પ્રાપ્તિ સેવકથી જ થઈ શકે. જીવ પ્રાણી માત્રની મનોવૃત્તિમાં મોટા થવાનું જ હોય છે. નાતમાં કે સત્સંગમાં કે સમાજમાં આપણે કાંઈક મોટા હોઈએ તો ઠીક, એવું વલણ સ્વાભાવિક રહેતું હોય છે. સેવકવૃતિ તો કોઈક વિરલમાં જ હોય છે.

ભગવાનની આરતી વખતે વાગતા, મોટા ટોકરાઓ હમેંશાં ભગવાનથી દૂર જ હોય છે. ક્યારેય ભગવાનની સમીપે જવાને માટે ભાગ્યવાન થતા જ નથી. ત્યારે નાની ટોકરી આરતી વખતે ઠાકોરજીની સમીપમાં જ પૂજારીના હાથમાં રહીને નૃત્ય કરતી હોય છે. અન્નકોટના મોટા થાળ તો વર્ષમાં એકાદવાર ભગવાનની સમીપે જવા સદ્‌ભાગી બનતા હોય છે. જ્યારે નાના થાળ તો કાયમ ભગવાનની સમીપે બે-ત્રણ વખત જઈ આવવાની મોટા માણતા હોયછે. નાના થવામાં જે માલ છે તે મોટા થવામાં નથી.

કોઈક ચક્રવર્તી મહારાજાની ગાદી ઉપર બેસી આવવાના કોડ બાંધે પણ ત્યાં જવાય કેમ ? સાતપરી ચોકી હોય. પરંતુ મહારાજાની ટેલ ચાકરી કરતો નાનો એવો વાળંદ મહારાજાનું માથું દુખતું હોય કે શરીરમાં કળતર થતી હોય ત્યારે ગોઠણિયાવાળીને ગાદી ઉપર ચડી જાય છે. જ્યારે વિનમ્ર સેવક થયો તો ને ? ગામ વારણાના રતનજી બાપુ તથા પાર્ષદ મિયાંજી મુસ્લિમ ભક્તા હતા. છતાં વિનમ્ર સેવક બનીને ભગવાન શ્રી સ્વામિનારાયણનું નિર્માની સેવક તરીકેનું પ્રમાણપત્ર મેળવવાના સદ્‌ભાગી બન્યા. શ્રીજી મહારાજે વચનામૃતમાં લખ્યું જે માન રહિતની ભક્તિ તો આ રતનજી અને મિયાંજી જેવા કોઈક જ કરતા હશે. આ સત્સંગમાં સહજાનંદ સ્વામીએ નીચી ટેલના પ્રતાપે કંઈકને કથીરમાંથી કુંદન કરી મેલ્યા છે.

સુરતના કોટવાળ શ્રી અરદેશ પારસીએ પોતાની આપ બુદ્ધિથી કુશળ કાર્યવાહીથી, અંગ્રેજોના મોટા મોટા ભારે ઈલકાબો લીધા હતા. ભગવાન સ્વામિનારાયણને સુરતમાં તેણે રૂસ્તમ બાગમાં ધામધૂમથી હેત ભર્યા પધરાવ્યા. છેલ્લે પૂજા કરી મહારાજની આરતી ઉતારી. પછી મહારાજે કહ્યું, અરદેશરજી કાંઈક માગો. ત્યારે તે બોલ્યા, મહારાજ મારે કાંઈ જોઈતું નથી. પણ તમારા દાસનો દાસ કરીને મને રાખજો. આટલી વિનમ્રતા ભરી વાણી સાંભળીને મહારાજે હૃદયથી પુલકિત થઈને તેમના ખુલ્લાં મસ્તક ઉપર પોતાની પાઘ મૂકી દીધી હતી. આવું માહાત્મ્ય સેવક બન્યા વિના આવતું નથી.

પંચાળાના દરબાર ઝીણાભાઈ પોતે ઘણા સમર્થ હતા. હુકમથી કામ ચલાવી શકે તેવા હતા. પણ વાંઝા કમળશીભાઈને માંદા જાણીને તેમની સેવા કરવા માટે ખાટલા સહિત પોતાને ગામ લઈ ગયા અને ત્રણ માણસો ખાટલો ઉપાડવા માટે મળ્યા. ચોથું કોઈ મલ્યું નહિ એટલે છેવટે પોતે ઉપાડવામાં જોડાઈ ગયા. ખાટલાનો પાયો ખંભે લઈ લીધો. કેવી નમ્રતા ભરી સેવા ? તે સેવાના ફળ સ્વરૂપે સહજાનંદ સ્વામી અઢળક ઢળ્યા. ઝીણાભાઈના અંતિમ સમયે તેમની પાલખી ખંભે ઉપાડીને સેવક પ્રત્યેની પ્રસન્નતા પુરવાર કરી દેખાડી. માટે સરળ થવામાં માલ છે. એટલો બરડ થવામાં માલ નથી. દાસ થયા વિના સરળતા આવતી પણ નથી.

''વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ.'' એ કીર્તનમાં છેલ્લા પદની છેલ્લી લીટીમાં ''દેજો દાન દાસને

રે લોલ.'' આવી રીતે આખા કીર્તનમાં જે મૂર્તિનું ચિંતવન લખ્યું છે તે ચિંતવન રૂપી ધન તો દાસને જ મળે. આવું પ્રેમાનંદ સ્વામીએ જે મૂર્તિનું ચિંતવન રૂપી ધન માગ્યું તે તો દાસ થયા વિના કેમ મળે ? મુક્તાનંદ સ્વામીએ પણ કહ્યું છે જે, ''હું ટળ્યે હરિ ઢુકડા તે ટળાય દાસ રે.'' હું પદ ગયા વિના અને દાસ થયા વિના તો ભગવાનથી આ જીવને કરોડો ગાઉનું છેટું રહે છે. જેટલું હું પદ ખસે તેટલી જ નીચી ટેલ પ્રાપ્ત થાય છે. ને એવા જ સેવકો શ્રીજી મહારાજની પ્રસન્નતાના પાત્ર બનતા હોય છે. ને આજ્ઞારૂપી સિગ્નલની રાહ જોઈને ઉભા હોય છે. તેથી જ મુક્તાનંદ સ્વામીએ કીર્તનમાં કહ્યું છે જે ''નીચી ટેલ મળેતો માને ભાગ્ય જો, ભવ બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી.'' ભગવાન તથા તેના ભક્તોની સેવા જેવું કોઈ પુણ્ય નથી. અને તેના દ્રોહ જેવું કોઈ પાપ નથી. માટે જેને ભગવાન તથા સાચા સંતોની સેવા મળી છે તેને તો નિધડક રહેવું. છતે દેહે જ તે પૂર્ણ કામ થઈ જાય છે.

વડતાલમાં મોટો સમૈયો થતો હતો. એજ સમયે કારીયાણી માં ૧૮ સંતો માંદા પડ્યા હતા. એ માંદા સંતોની સેવામાં કોણ રોકાય ? તે પ્રશ્ન હતો. શ્રીજી મહારાજે સભામાં કહ્યું જે, માંદા સંતોની સેવામાં કોણ રોકાશે ? ત્યારે સમૈયામાં જવાના કોડ સહુએ મનોમન કરી રાખેલ, તેમાં આવું બીડું ઝડપે કોણ ? ઘડીવાર તો સભામાં સોપો પડી ગયો. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ ઉત્સાહ ભેર આ સંતોની સેવાની તક ઝડપી. માંદા સંતોને રૂચે તેવું ભોજન તૈયાર કરી જમાડતા, વાસણો ઉટકી નાખતા, કપડાં ધોઈ આવતા. નાહવા ધોવામાં તેમજ તમામ સારવારમાં સ્વામીએ ખડે પગે ઉભા રહીને માંદા સંતો સાજા થયા ત્યાં સુધી અવિરત સેવા કરી. વિનમ્ર ભાવથી સેવા કરી. પછી શ્રીજી મહારાજ સમૈયો કરીને વળતા આવ્યા ત્યારે બાથમાં ઘાલીને સ્વામીને ભેટી પડ્યા. અને અત્યંત પ્રસન્નતા બતાવી. જેના હૃદયમાં ભગવાન અને સંતનો મહિમા છે તે ઘસાઈને જ રાજી થતા હોય છે. જ્યારે સેવાની તક મળતી હોય ત્યારે પોતાનું મોટું પુણ્ય ઉદય થયું તેમ માનીને અનેરા ઉત્સાહથી સેવાની તક ઝીલી લેવી. સત્સંગમાં પ્રભુતા પામીને તેને સમાવીને નમ્રતાથી વર્તે અને સંત હરિભક્તનો મહિમા સમજે, દાસનો દાસ થઈને સત્સંગ કરે તેની પ્રભુ ભક્તિ પ્રમાણભૂત છે. જે દાસ થઈને સત્સંગ કરે તેને માન આવેજ નહિ. આવો દાસત્વ ભાવ ભગવાન અને સંતોનો મહિમા સમજવાથી આવે છે. દાસ થવામાં મજા છે. તે બોસ થવામાં નથી. બોસ થવામાં તો લોસ ઘણો છે. સૌના ચરણની રજ થઈને રહે છે તે સહજ સ્વભાવે પૂજ્ય થાય છે. તે મોટાઈ ઈચ્છતો નથી છતાં તેને સહેજે મળે છે. માટે માનને મૂકીને નીચી ટેલ મળે તો માને મોટા ભાગ્યજો એમ માનીને સેવા ભક્તિ કરી લેવી.

●

### ''શાબાશ જોગી શાબાશ''

- સાં.યો. ચંદ્રિકાબેન ગુરુ સાં.યો. કોકિલાબા (લીંબડી)

એક વખત શ્રીજી મહારાજ અમદાવાદ પધારેલા તે વખતે નાથ ભક્ત વડોદરે રહેતા હતા. તેઓ મૂળ અમદાવાદના વતની હતા. તેઓ પણ ઉત્સવ ઉપર આવેલા. તેમણે અમદાવાદમાં પોતાનું ઘર હતું તે વેંચી નાખી શ્રીજીની પ્રસન્નતા માટે સંતને ઘેબરની રસોઈ કરાવી શ્રીજી મહારાજને સ્વહસ્ત પંક્તિમાં પીરસાવી સંતોને જમાડી ખૂબ પ્રસન્ન કર્યા હતા. પછી શ્રીજી કરચરણાવિંદ ધોઈને પોતાને ઉતારે (જે હાલ રંગમહોલ છે ત્યાં) જઈને આવ્યા. તેમાં પ્રથમ નિષ્કુળાનંદ સ્વામી મહારાજને પગે લાગી બેઠા તે પહેલા કોઈ એક સત્સંગીએ શ્રીજી મહારાજને સોનામહોરો ભેટ કરેલી હતી તે સોનામહોર શ્રીજી મહારાજ મુઠ્ઠીમાં લઈને નિષ્કુળાનંદ સ્વામીને કહે ''જોગી લ્યો મુખવાસ.'' એમ કહીને નિષ્કુળાનંદ સ્વામીના મોઢા આગળ મુઠ્ઠી વાળેલો હાથ ધર્યો ને મોઢામાં મુખવાસ નાખે તેમ હોઠ પાસે મુઠ્ઠી રાખીને અતિ હેત જણાવ્યું. પણ નિષ્કુળાનંદ સ્વામીએ પોતાનો હાથ લાંબો કરી તેમાં નાખવા કહ્યું. ત્યારે શ્રીજી મહારાજ કહે અમારે તો મુખમાં મુખવાસ આપવો છે. એટલે નિષ્કુળાનંદ સ્વામી કહે કે ''હે મહારાજ કૃપા કરી મારા હાથમાં આપો.'' એવી ઘણીક વાર રકઝક હાલી તે સમયે સંતો એક પછી એક આવી પગે લાગી મહારાજ સન્મુખ બેસતા સભા ભરાઈ ગઈ. નાથભક્ત પણ મહારાજની પૂજા કરવા સર્વ સામગ્રી લઈ ઉભા હતા. પણ મહારાજની ને નિષ્કુળાનંદ સ્વામીની રકઝક ચાલતી હોવાથી કંઈ બોલ્યા નહીં. તે જોઈને સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું કે ''જોગી ! મહારાજ કાંઈ તમને ઝેર નહી આપે.'' ઝટ દઈને મોઢામાં લઈ લ્યો. આ નાથ ભક્તને પૂજા કરવી છે. તે ખોટી થાય છે.'' નિષ્કુળાનંદ સ્વામી કહે કે 'મહારાજ જો મને ઝેર આપશે તો પણ તે હું હેતે કરીને લઈશ પણ મને મુઠ્ઠી ઉઘાડી બતાવીને આપે''. તે સાંભળીને મુક્તાનંદ સ્વામી બોલ્યા

હે મહારાજ ! આ જગતમાં જોગીહઠ, રાજહઠ, બાળહઠ અને સ્ત્રીહઠ, ઘોડાહઠ, ઈત્યાદિ હઠ કહી છે પણ હરિહઠ તો અમે ક્યાંયે સાંભળી નથી. માટે મહારાજ હવે તમો હઠ છોડી દયા લાવી મુઠ્ઠી ઉઘાડો તો જોગીને સંતોષ થાય.'' તે સાંભળી મહારાજે મુઠ્ઠી ઉઘાડી ત્યારે તેમાંથી પાંચ સોનામહોર નીકળી. તે જોઈને નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજને કહ્યું કે, ''તમે જ્યારે દ્રવ્યને ધૂળમાં દટાવી તેના માથે અમોને ઝાડે ફરાવ્યા ત્યારે માયાએ આવી હાથ જોડી તમોને કહ્યું કે હે પ્રભુ તમે તો મારા ઉપર બહુ કરી.'' ત્યારે આપે માયાને કહેલું કે, ''તારો લાગ આવે ત્યારે તું સંતોના મુખમાં ઝાડો કરજે.'' તે સાંભળી મહારાજ બોલ્યા કે ''શાબાસ નિષ્કુળાનંદ સ્વામી શાબાસ શાબાસ જોગી શાબાસ ! અમારા છેતર્યા પણ તમો છેતરાયા નહિ.'' તે સાંભળી નિષ્કુળાનંદ સ્વામી કહે કે ''અમારૂ કોઈ એવું પ્રારબ્ધ આવી નડે તો ભલે નહિ તો હું સ્ત્રી, દ્રવ્યમાં ક્યારેય છેતરાઉ નહિ.'' ત્યારે શ્રીજી મહારાજે રાજી થઈને સ્વામીને આશીર્વાદ આપ્યા જે તમારું પ્રારબ્ધ પણ તમને નહિ છેતરી શકે''. એવા હતા વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી.

●

### સુખ દુઃખની અસર ક્યારે ન થાય

- પલ્લવીબેન વિજયકુમાર (લાંધણજ)

સુખ દુઃખના પ્રસંગો તો રોજ આવવાના છે. આપણને જ આવા પ્રસંગો આવે છે તેવું નથી. સંતોને પણ સુખદુઃખનાં પ્રસંગો આવે છે. આ જીવ પાપ પુણ્ય બન્ને લઈને આવ્યો છે. કેટલોક સમય પાપ ભોગવવાનું હોય છે. કેટલોક સમય પુણ્ય ભોગવવાનું હોય છે. પુણ્યનું ફળ સુખ છે, અને પાપનું ફળ દુઃખ છે. સમય અનુકુળ હોય તો માનવું પુણ્ય ભોગવવાનો સમય આવ્યો છે. પ્રતિકુળ સમય આવે તો માનવું પાપ ભોગવવાનો સમય આવ્યો છે. જરા વિચાર કરો સંતોને જે દુઃખ સહન કરવું પડ્યું છે તેના જેટલું દુઃખ આપણને નથી. સંતોના જીવનને જોઈશું તો જણાશે કે સંતોએ બહુ જ દુઃખ ભોગવ્યું છે. સંતો દુઃખી થાય છે તો પણ તેના મન ઉપર દુઃખની અસર થતી નથી.

વૃદ્ધા અવસ્થામાં પરણેલો જુવાન છોકરો મરે તેના જેવું દુઃખ શું ? ! નરસિંહ મહેતાની વૃધ્ધાવસ્થામાં એકના એક યુવાન અને પરણેલા પુત્રનું મરણ થાય છે. પણ મહેતાજીના મન ઉપર તેની અસર થઈ નહી, અતિ દુઃખમાં સંતનું મન શાંત રહે છે. ત્યારે આપણને દુઃખ થાયછે, નરસિંહ મહેતાના પત્ની મરણ પામ્યા, મહેતાજીએ લખ્યું ''ભલું થયું ભાંગી જંજાળ'' સુખે ભજશું શ્રી ગોપાળ'' મહેતાજીને એવું તત્વ મળ્યું હતું, કે આવા દુઃખના પ્રસંગો તેને અસર કરી શકતા નથી. હૃદયમાં શ્રીકૃષ્ણ હશે તો દુઃખની અસર થશે નહીં. મનુષ્ય સુખ દુઃખમાં ભાન ભૂલે છે, તે સંસારના વિષયોને મહત્તા આપે ત્યારે દુઃખી થાય છે. તે ઈશ્વરને મહત્તા આપે તો દુઃખી થાય નહિ. લૌકિક સુખ વધારે ટકતું નથી.

જ્ઞાની મહાપુરુષો લૌકિક સુખને દુઃખરૂપ સમજે છે. સુખમાં મિઠાશ લાગે ત્યારે ભગવાન ભૂલાય છે. જ્ઞાનીઓ તેથી સુખને દુઃખ અને દુઃખ ને સુખ સમજે છે. એમ સમજનાર પરમાત્માને અનુકુળ કરી શકે છે. સુખ દુઃખ મનને થાય છે. આત્માને થતાં નથી. મન જો ભક્તિમાં તરબોળ રહે તો સુખ દુઃખની અસર મન ઉપર બહુ ઓછી થાય છે.

હોસ્પિટલમાં ડૉકટરો શરીરના જે ભાગ ઉપર ઓપરેશન કરવાનું હોય તે ભાગ ઉપર કાંઈક દવા લગાડે છે. તેથી તે અંગ બધિર બને છે. તે અંગને કાપો પણ તેની દર્દીને ખબર પડતી નથી, તેમ મન ઉપર અસર થતી નથી. આવી રીતે મન પ્રભુ પ્રેમમાં તરબોળ બને તો તે મન ઉપર સુખ દુઃખની અસર થતી નથી.

### શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા અંગે

શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા લેવામાં આવતી આગામી પરીક્ષા **તા. ૨૩-૧૨-૨૦૧૨ ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ ના સમયે** જે તે કેન્દ્રો પરથી લેવામાં આવશે. જેથી દરેક બાળ મંડળના સંચાલકોએ પોત પોતાના મંડળની નામોની યાદી વહેલાસર મોકલી આપવી. જ્યાં જ્યાં બાળકોની શિબિર થઈ હોય તે ગામ અથવા શહેર-પરા વિસ્તારમાં બાળ મંડળ સ્થાપીને પરીક્ષામાં બેસવા માટે વ્યવસ્થા કરાવીને નામોની યાદી મોકલી આપવી.

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. સભા મંડપ, ઓફિસ સમય સવારે ૫-૩૦ થી ૧૦-૩૦.

આજ્ઞાથી, સંચાલકશ્રી
દેવાણી રણછોડભાઈ બી. પટેલ

# પ્રશ્નપેટી

**સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)**

**પ્ર. : ૧** શૌચ ના ત્રણ ક્યા પ્રકાર બતાવ્યા છે ?

**પ્ર. : ૨** અહં મમત્વના ક્યા બે પ્રકાર છે ?

**પ્ર. : ૩** ભજનના પ્રકાર સમજાવો ?

**પ્ર. : ૪** પહેલાંના યુગમાં ભગવાન સુદર્શન ચક્ર વડે પોતાના ભક્તની રક્ષા કરતા. હવે કળિયુગમાં ભક્ત રક્ષા માટે સુદર્શન ચક્ર કેમમોકલતા નથી ?

**પ્ર. : ૫** જુઠ્ઠાભાઈ વણિક બંધિયા ગામના ગરીબ હરિભક્ત થઈ ગયા તેઓની શ્રીજી મહારાજ પ્રત્યેની મનની ઈચ્છા શું હતી ?

**પ્ર. : ૬** ભોજનના પ્રકાર ચાર કહ્યાં છે તે ક્યા ક્યા છે જણાવો.

**પ્ર. : ૭** યતિ તે કોને કહેવાય ? વચનામૃતના આધારે ઉત્તર આપો.

## જુલાઈ-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧) ભક્તનું માહાત્મ્ય સમજીને જેને હેત થયું હોય ને સંબંધી હોય કે બીજો, હોય તે સર્વેનું કલ્યાણ થાય છે. (૨) જેને ભગવાનની સારી નરસી સર્વે ક્રિયા કલ્યાણકારી ભાસે તેથી. (૩) પંચવર્તમાન સંપૂર્ણ રાખીએ તો - સ.ગુ.આધારાનંદ સ્વામી. (૪) માણીગર મોરલીવાળો, છબીલો છેલ છોગાળો ખાંતે ખાંતે નિત રંગભેર ખેલે રે.'' (૫) જે કોઈ શીરો પૂરી જમાડે એમને ઘેર જવું છે. (૬) કોઈની કોઈપણ ગૃહ્યવાત તે કોઈ ઠેકાણે પ્રકાશ કરવી નહી. શિક્ષાપત્રી શ્લોક ૭૫. (૭) સ.ગુ. ગોપાળાનંદ સ્વામી.**

૧. ચંદ્રપ્રકાશ સ્વામી (માણસા)
૨. શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરા)
૩. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૪. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૫. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૬. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૭. પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૮. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૯. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૦. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૧૧. પટેલ જયંતીભાઈ એચ. (વહેલાલ)
૧૨. ચોકસી ઈલાબેન (અમદાવાદ)
૧૩. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૧૪. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૫. પટેલ નિરવ (લુણાવાડા)
૧૬. કા. અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૧૭. પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૧૮. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૧૯. પટેલ ગંગાબેન લાલભાઈ (ગાંધીનગર)
૨૦. પટેલ સુભદ્રાબેન અમરતભાઈ (વડુ)
૨૧. ભગત શકરીબેન (સ્વા. મંદિર વડુ)
૨૨. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૩. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૨૪. હરિ ચેષ્ઠા મંડળ (બાલવા)
૨૫. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ઘુંટુ મોરબી)
૨૬. ગાંધી જ્યોત્સનાબેન (સુરેન્દ્રનગર)
૨૭. ચૌધરી ભરતકુમાર એલ. (બાલવા)
૨૮. પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૨૯. ભાવસાર વીણાબેન આર. (અમદાવાદ)
૩૦. સાં.યો. ગીતાબા - શિલ્પાબા (હવેલી અમદાવાદ)
૩૧. ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૩૨. સાં.યો. ભારતીબા-મંજુબા (હવેલી અમદાવાદ)
૩૩. પટેલ હસમુખભાઈ (મારૂસણા)
૩૪. પટેલ સરોજબેન માધવલાલ (મારૂસણા)
૩૫. ભાવસાર કપીલાબેન નટવરલાલ (લાંઘણજ)
૩૬. પટેલ લાભુબેન મનુભાઈ, સુભદ્રાબેન-રંજનબેન (કુંડાળ)
૩૭. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૩૮. પટેલ પ્રવિણભાઈ ભેમદાસ (અમેરિકા)
૩૯. પટેલ કોકીલાબેન પ્રવિણભાઈ (અમેરિકા)
૪૦. પટેલ ગોરધનદાસ શંકરદાસ (સોજા)
૪૧. સાં.યો. કોકીલાબા-ઉષાબા (સુરેન્દ્રનગર)
૪૨. વિઠ્ઠલપરા અમરશીભાઈ (નવસારી)
૪૩. ઘરસભા બહેનો (લુણાવાડા)
૪૪. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૪૫. સાં.યો. ધનબાઈ શિવજી ભંડેરી (મિરજાપર-કચ્છ)
૪૬. સાં.યો. રામબાઈ ધનજી વરસાણી (મિરજાપર-કચ્છ)
૪૭. સાં.યો. જયશ્રી પ્રવિણ વરસાણી (મિરજાપર-કચ્છ)
૪૮. મહંત સાં.યો. શ્યામબાઈ અરજણ હિરાણી (ભુજ-કચ્છ)
૪૯. પટેલ ચિમનભાઈ જીવરામદાસ (ઉંઝા)
૫૦. સાં.યો. રંજનબા તથા નાનીબેન (ઓઢવ સ્વા.મંદિર વિરાટનગર)
૫૧. ભાવસાર પલ્લવીબેન અને ડઈબેન (લાંઘણજ)
૫૨. ભાવસાર વસંતીબા અને શકરીબેન (લાંઘણજ)
૫૩. કંચનબેન અને તૃપ્તિબેન અડાલજા (રતનપર)

॥ શ્રીહરિ ॥

# અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિકમાસ પ્રથમ ભાદરવા માસ (પુરૂષોત્તમ માસ)ની ભવ્ય ઉજવણી

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી**ની આજ્ઞા આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં શ્રીજી મહારાજે સ્વયં બાથમાં લઈ પધરાવેલ શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં સં. ૨૦૬૮ના પવિત્ર અધિક ભાદરવા માસ (પુરૂષોત્તમમાસ)માં આવતા આખા માસના ઉત્સવો તિથિ પ્રમાણે ભવ્યતાથી ઉજવવાનું શુભ આયોજન કર્યુ છે. આ પ્રસંગે રોજના વાર્ષિક વૃત ઉત્સવ પ્રસંગોના દર્શનનો લાભ લેવા અમારુ સૌ સત્સંગ સમાજ સમસ્તને રૂડું આમંત્રણ છે.

| તિથિ | તારીખ | ઉત્સવ | સમય |
|---|---|---|---|
| ભાદરવા સુદ-૧ શનિવાર | ૧૮-૮-૨૦૧૨ | ગ્વાલબાલ દર્શન | ૮-૦૫ સવારે |
| ભાદરવા સુદ-૨ રવિવાર | ૧૯-૮-૨૦૧૨ | રથયાત્રા | ૮-૦૫ સવારે |
| ભાદરવા સુદ-૩ સોમવાર | ૨૦-૮-૨૦૧૨ | શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ | ૬-૩૦ સવારે અભિષેક |
| | | | ૮-૩૦ સવારે અન્નકુટ શણગાર |
| ભાદરવા સુદ-૪ મંગળવાર | ૨૧-૮-૨૦૧૨ | ગણેશ ચતુર્થી | ૮-૦૫ સવારે |
| ભાદરવા સુદ-૫ બુધવાર | ૨૨-૮-૨૦૧૨ | વસંત પંચમી | ૮-૦૫ સવારે |
| ભાદરવા સુદ-૬ ગુરૂવાર | ૨૩-૮-૨૦૧૨ | કુંજગલી | ૮-૦૫ સવારે |
| ભાદરવા સુદ-૭ શુક્રવાર | ૨૪-૮-૨૦૧૨ | શાકોત્સવ | ૮-૦૫ સવારે |
| ભાદરવા સુદ-૮/૯ શનિવાર | ૨૫-૮-૨૦૧૨ | રાધાષ્ટમી, રામનવમી | ૮-૦૫ સવારે |
| | | બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજનો પાટો. | ૬-૩૦ સવારે અભિષેક |
| | | શ્રીઘનશ્યામમહારાજનો જન્મો. | ૮-૦૫ સવારે શણગાર |
| ભાદરવા સુદ-૧૦ રવિવાર | ૨૬-૮-૨૦૧૨ | વિજ્યા દશમી | ૮-૦૫ સવારે અન્નકૂટ દર્શન |
| ભાદરવા સુદ-૧૧ સોમવાર | ૨૭-૮-૨૦૧૨ | | ૮-૦૫ સવારે |
| ભાદરવા સુદ-૧૨ મંગળવાર | ૨૮-૮-૨૦૧૨ | વામન બારસ | ૬-૩૦ સવારે અભિષેક |
| | | રંગમહોલ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ | ૮-૦૫ સવારે અન્નકૂટ શણગાર |
| ભાદરવા સુદ-૧૩ બુધવાર | ૨૯-૮-૨૦૧૨ | | ૮-૦૫ સવારે |
| ભાદરવા સુદ-૧૪ ગુરૂવાર | ૩૦-૮-૨૦૧૨ | નૃસિંહ જયંતી | ૮-૦૫ સવારે |
| ભાદરવા સુદ-૧૫ શુક્રવાર | ૩૧-૮-૨૦૧૨ | શરદોત્સવ | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૧ શનિવાર | ૧-૯-૨૦૧૨ | કેશર સ્નાન | ૬-૩૦ સવારે |
| ભાદરવા વદ-૨ રવિવાર | ૨-૯-૨૦૧૨ | હિંડોળા ફુલના | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૩ સોમવાર | ૩-૯-૨૦૧૨ | હિંડોળા ચોકલેટના, | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૪ મંગળવાર | ૪-૯-૨૦૧૨ | હિંડોળા જરીના | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૫ બુધવાર | ૫-૯-૨૦૧૨ | હિંડોળા મોતીના | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૬ ગુરૂવાર | ૬-૯-૨૦૧૨ | છપૈયાધામદર્શન | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૭ શુક્રવાર | ૭-૯-૨૦૧૨ | વન વિચરણ દર્શન | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૮ શનિવાર | ૮-૯-૨૦૧૨ | જન્માષ્ટમી | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૯ રવિવાર | ૯-૯-૨૦૧૨ | સમૂહ મહાપૂજા મુખ્ય,સહ યજમાન | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૧૦ સોમવાર | ૧૦-૯-૨૦૧૨ | હિમાલય દર્શન | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૧૧ મંગળવાર | ૧૧-૯-૨૦૧૨ | હિમાલય દર્શન | ૮-૩૦ સવારે |
| ભાદરવા વદ-૧૨ બુધવાર | ૧૨-૯-૨૦૧૨ | હિમાલય દર્શન | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૧૨ ગુરૂવાર | ૧૩-૯-૨૦૧૨ | હિમાલય દર્શન | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૧૩ શુક્રવાર | ૧૪-૯-૨૦૧૨ | શિવરાત્રિ શિવ પૂજન | ૮-૦૫ સવારે |
| ભાદરવા વદ-૧૪ શનિવાર | ૧૫-૯-૨૦૧૨ | શ્રી હનુમાનજીનું પૂજન | ૮-૦૫ સવારે |
| ભાદ. વદ-૩૦/૧ રવિવાર | ૧૬-૯-૨૦૧૨ | અન્નકૂટ ગોવર્ધન પૂજા | ૮-૩૦ સવારે |
| | | નોંધ: મંગળાના દર્શન સવારે ૬-૩૦ કલાક સુધી જ થશે | |

સુજ્ઞ વ્હાલા પ્રેમી હરિભક્તો આ પવિત્ર અધિક પુરૂષોત્તમમાસ દર ત્રણ વર્ષે આવે છે. તેથી આ પ્રસંગના યજમાન બનવાનું સૌ કોઈને મન થાય અને તે માટે આપ વહેલાસર કોઠારમાં પોતાનું યજમાનપદ નોંધાવી અને નામ સરનામું વગેરે લખાવી જવું અને આ ઉત્સવ પ્રસંગમાં વિવિધ સેવાનો લાભ લેવા માટે પણ નામ લખાવવું.

**નોંધ : તારીખ ૯-૯-૨૦૧૨ને રવિવારના દિવસે સવારે ૮-૩૦ કલાકે સભા મંડપમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં સમૂહ મહાપૂજાનો દિવ્ય લાભ મળશે. જેનો લાભ લેવા માટે કોઠારમાં રૂા. ૩૫૧/- ભરી પાવતી મેળવી લેવી.**

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
ફોન : ૨૨૧૩૨૧૭૦ ● ફેક્સ : ૨૨૧૭૬૯૯૨

# સત્સંગ સમાચાર

**અમદાવાદ મંદિરમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો**

આપણા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને આપણા સંપ્રદાયની અલૌકિક પરંપરા પ્રસ્થાપિત કરી છે. પોતાની હયાતીમાં જ પોતાના જ કુળમાંથી કોઈ બ્રહ્માંડમાં જેનો જોટો ન જોવા મળે તેવા પોતાના બન્ને ભાઈ મોટાભાઈ શ્રી રામપ્રતાપજી મહારાજના પુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને નાના ભાઈ શ્રી ઈચ્છારામજીના પુત્ર શ્રી રઘુવીરજી મહારાજને દત્તક લઈ બે દેશની ગાદી સ્થાપી ને સમસ્ત ત્યાગી-ગૃહીના આચાર્ય ધર્મગુરુ તરીકે પોતાનાજ સ્થાને પ્રસ્થાપિત કર્યા. જે પરંપરાનુંસાર શ્રી નરનારાયણદેવ દેશ ગાદી સ્થાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી વિદ્યમાન છે. અને તેઓશ્રીનું દર વર્ષે ગુરુપૂર્ણિમા અષાઢ સુદ-૧૫ ના શુભ દિને અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દેશ વિદેશના બ્રહ્મનિષ્ઠ સંતો અને ધર્મકુળ પ્રેમી હરિભક્તો ભારતીય સંસ્કૃતિની વેદ પરંપરાગત રીતે ગુરુપૂજન થાય છે. આ વરસે અષાઢ સુદ-૧૫ ને તા. ૩-૭-૨૦૧૨ ને મંગળવારના શુભ દિને પ્રાતઃ ૮-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી મંદિરમાં પધાર્યા ત્યારે ભવ્ય સંગીતના મંગલમય સૂર સાથે સંતો હરિભક્તો દ્વારા સ્વાગત થયુ હતું. બન્ને શ્રીહરિના અપર સ્વરૂપો એ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારીને દર્શન કરીને સભામાં બિરાજમાન થયા હતા. વિદ્વાન પંડિતો દ્વારા સ્વસ્તીવાચન બાદ શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક પૂજન-અર્ચન થયું હતું. ત્યારબાદ ગુરુ પૂર્ણિમાના યજમાન અ.સૌ. ક્રિષ્ણાબેન નવિનભાઈ માંડલીયા (મોરબી) હ. પ્રતિકભાઈ એન. માંડલીયા તથા ક્રિષ્ણા ડાયમંડ દુબઈ દર્શન કૌશિકભાઈ ઝવેરી આદિ પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી ભેટ ધરી આશીર્વાદ મળવ્યા હતા.

સભામાં પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. હરિકૃષ્ણદાસજી, પૂ. શા.સ્વા. નિર્ગુણદાસજી, બ્ર. સ્વા. વાસુદેવાનંદજી, સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, સ.ગુ.સ્વા. ગુરુપ્રસાદદાસજી, સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી, શા.સ્વા. સત્સંગભૂષણદાસજી અને શા. ઘનશ્યામ સ્વામી આદિ સંતોએ ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુપૂજન કરી આરતી કરી મહા અલૌકિક લાભ લીધો હતો. ત્યારબાદ અમદાવાદ મંદિરના સ્કીમ કમિટી સભ્યો પ.ભ. દશરથભાઈ, પ.ભ. રતિભાઈ, પ.ભ. જી.કે. પટેલ, પ.ભ. રમણભાઈ અને પ.ભ. ડૉ. કે.કે. પટેલ તેમજ કારભારીશ્રી મનીષભાઈ આદિ સૌએ પણ સમૂહમાં આરતી ઉતારીને ગુરુપૂજન કર્યુ હતું.

ત્યારબાદ પૂ. મહંત સ્વામી અને વિદ્વાન સ.ગુ.શા. સ્વામી નિર્ગુણદાસજી આદિ સંતોએ ધર્મવંશી ગુરુનો મહિમા માહાત્મ્ય સુંદર રીતે વર્ણવ્યુ હતું. દેશ-પરદેશના લાખો હરિભક્તોએ ગુરુપૂજન ચરણ સ્પર્શ દર્શન શિસ્તબધ્ધ લાઈનમાં ઉભા રહી સતત ૧૨-૩૦ વાગ્યા સુધી દર્શન કરવાનો મહા અલૌકિક લાભ લઈ જીવન કૃતાર્થ કર્યુ હતું. આ પ્રસંગે કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શનથી જે.કે. સ્વામી, બળદેવ સ્વામી, નટુ સ્વામી આદિ સંતોએ સુંદર સુશોભન અને વ્યવસ્થા કરી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પણ પ્રેરણારૂપ સેવા રહી હતી.

(શા.સ્વા. નારાયણમુનિદાસ)

**પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૫ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ ગાદીના ૮ માં ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૫ મો પ્રાકટ્યોત્સવ અષાઢ વદ-૧૦ ને તા. ૧૩-૭-૨૦૧૨ ને શુક્રવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે ધામધૂમથી સંપન્ન થયો.

સવારે ૮-૦૫ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આગમન થયુ ત્યારે શરણાઈ અને ઢોલના સુમધુર મંગલ ગાન સાથે સંતો-હરિભક્તો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ત્રણેય અપર સ્વરૂપોના વરદ્ હસ્તે શ્રી નરનારાયણાદિ દેવોની શણગાર આરતી ઉતારવામાં આવી. ત્યારબાદ સભા મંડપમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી સાથે વિરાજમાન થયા. પંડિતો દ્વારા સ્વસ્તી વાચન થયું. અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના પૂજનના યજમાન પ.ભ. કાંતિભાઈ કેશરા ભૂડીયા (ફોટડી-કચ્છ) એ પૂજન-અર્ચન આરતી કરી દિવ્ય લાભ લીધો. સાથે વિદ્યાર્થી સંતો અને બાળ-યુવક મંડળે પણ સમૂહ આરતીનો લાભ લીધો. પૂ. મહંત સ્વામીના માર્ગદર્શન મુજબ પૂ. નાના પી.પી. સ્વામી (મહંતશ્રી નારણઘાટ) અને સ.ગુ.શા. સ્વામી નારાયણમુનિદાસજી એ સુંદર સભા સંચાલન કર્યુ હતું. ત્યારબાદ ધામોધામથી પધારેલા સંતોએ પુષ્પહાર કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને શુભેચ્છા પાઠવી હતી. અમદાવાદ મંદિરની સ્કીમ કમિટીના સર્વે સભ્યશ્રીઓ, કારભારીશ્રી તેમજ અગ્રગણ્ય હરિભક્તો-યુવક મંડળ, બાળ મંડળના બાળકોએ પણ પુષ્પહાર પહેરાવી શુભેચ્છા પાઠવી હતી. આજે સભામાં નાના યુવા સંતો સ.ગુ.શા. સ્વામી નારાયણમુનિદાસજી, શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, શા.સ્વા. ભક્તિનંદનદાસજી, શા.સ્વા. સત્યપ્રકાશદાસજી (મૂળી) આદિ સંતોએ પ.પૂ. લાલજી મહારાજશ્રી પરત્વે પોતાની નિષ્ઠા-ભાવના દર્શાવીને સુંદર ઉદ્‌બોધન દ્વારા શુભેચ્છા પાઠવી હતી. ઘણા બાળકોએ કીર્તન અને પ્રવચનરૂપે શુભેચ્છા વ્યક્ત કરી હતી.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સમસ્ત સત્સંગ ઉપર

ખૂબજ રાજી થઈ સૌ સંતો-હરિભક્તોની ધર્મકુળ પરત્વેની નિષ્ઠા ભાવના-લાગણીની ખૂબજ પ્રસંશા કરીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શન મુજબ જે.કે. સ્વામી, બળદેવ સ્વામી, નટુ સ્વામી, રામ સ્વામી આદિ સંત મંડળે ખૂબજ સુંદર સેવા બજાવી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પણ પ્રેરણારૂપ હતી.

છેલ્લે ગામો ગામ અને શહેરથી પધારેલા હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પહાર પહેરાવી આશીર્વાદ લઈ દર્શન કરી પ્રસાદ લઈ કાર્યક્રમ પૂર્ણ થયો હતો. (શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભવ્ય હિંડોળા દર્શન**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી દર વર્ષની જેમ આ વરસે પણ શ્રી નરનારાયણદેવ સમક્ષ ભવ્ય હિંડોળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત રોજ અવનવા ભવ્ય કલાત્મક હિંડોળા જેમ કે, સૂકા મેવા, ફુલના, ચોકલેના, મોતીના, ઝરીના એમ વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને સાંજના ૫-૩૦ થી ૭-૩૦ સુધી ઠાકોરજીને હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. શ્રાવણ માસમાં આવા અલૌકિક દર્શન કરવાનો લાભ લઈ ભક્તો ધન્ય ધન્ય બને છે. હિંડોળા બનાવવાની સેવામાં કોઠારી પાર્ષદ દિગંબર ભગત, બળદેવ સ્વામી, (ધોલેરા), જે.કે. સ્વામી, હરિચરણ સ્વામી, રામ સ્વામી અને સંત પાર્ષદ મંડળ વગેરે હિંડોળા બનાવવાની સેવા કરે છે. શ્રાવણ માસમાં અમદાવાદ મંદિરમાં કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૭-૩૦ થી ૮-૧૫ શ્રી શિક્ષાપત્રી ભાષ્યની કથા સ.ગુ.શા. સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ.ગુ. મહંત સ્વામી હરિકૃષ્ણદાસજી અને સાંજે ૬-૪૫ થી ૭-૩૦ ભાગવત દશમ સ્કંધની કથા સ.ગુ. પુરાણી સ્વામી ધર્મજીવનદાસજી કરે છે. આમ અત્રે અમદાવાદ મંદિરમાં શ્રાવણ માસમાં અલૌકિક ભક્તિમય કાર્યક્રમનું આયોજન કરી હરિભક્તોને દર્શન અને કથાવાર્તાનો સુંદર લાભ મળે છે.

(કોઠારી જે.કે. સ્વામી)

**ન્યુ રાણીપમાં ૧૧ મી સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સ્વામી સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી ન્યુ રાણીપ વિસ્તારમાં બૂટ ભવાની માતાના પ્રાંગણમાં તા. ૧૫-૭-૧૨ ને રવિવારના રોજ પ.પૂ. મહારાજશ્રીના સાનિધ્યમાં ૧૧ મી સત્સંગ સભા સંપન્ન થઈ.

આ સુંદર સભાના યજમાન પ.ભ. પ્રકાશભાઈ પુરુષોમભાઈ પટેલ (દાસભાઈ) (ચૈનપુરવાળા) પરિવારે લાભ લીધો હતો. સભામાં પ્રારંભમાં સ.ગુ.શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી અને સ.ગુ. શા.સ્વા. અભયપ્રકાશદાસજીએ કથાવાર્તા કરીને સુંદર લાભ આપ્યોહતો. ત્યારબાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું આગમન થયુ ત્યારે યજમાન પરિવારે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ સભામાં સ.ગુ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા. સ્વામી નિર્ગુણદાસજી આદિ સંતોએ ભગવાનનું માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સત્સંગનો ખપ વધે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા બાદ સૌ ભક્તો સમૂહ પ્રસાદ લઈ છુટા પડ્યા હતા.

આ પ્રસંગે પૂ. મહારાજશ્રી સાથે શા.સ્વામી નારાયણમુનિદાસજી, શા.સ્વા. વ્રજભૂષણદાસજી, શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી અને શા. સ્વા. કૂંજવિહારીદાસજી પધાર્યા હતા.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ન્યુ રાણીપ તથા રાણીપની સેવા પ્રેરણારૂપ હતી.

(સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર ગુરુકુળ)

**વિજાપુરમાં (વજીબાનું ઘર) પ્રસાદીની જગ્યાના જિર્ણોધ્ધાર નિમિત્તે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને નારણઘાટ મંદિરના મહંત સા.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી પ્રસાદીના વિજાપુર ગામે તા. ૧૫-૭-૧૨ ને રવિવારે ભવ્ય સત્સંગ સભા થઈ હતી.

વિજાપુર ગામમાં કુલ ૧૧ વખત શ્રીહરિએ પધારીને પરમ મુક્ત વજીબાના ઘરે અનંત લીલાઓ કરી છે. તેવા પ્રસાદીના ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને સંત મંડળના સાનિધ્યમાં અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ હિરાવાડી અને વિજાપુરના સાથ સહકારથી સુંદર સભાનું આયોજન થયું હતું. આ પ્રસંગે આજુબાજુના ઘણા ગામોના હરિભક્તોએ સભાનો લીધો હતો. સત્સંગ સભાના ઉતારાના યજમાન પ.ભ. ગુણવંતભાઈ પટેલ પરિવારે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી દિવ્ય લાભ લીધો હતો.

સભાના પ્રારંભમાં શ્રી જયંતીભાઈ (હિરાવાડી) એ સુંદર પ્રવચન કર્યું હતું. સંતોમાં શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી, શા.સ્વા. અભયપ્રકાશદાસજી આદિ સંત મંડળે શ્રીજી મહારાજ અને ધર્મકુળનું માહાત્મ્ય કહ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સભામાં પધારતા જ જય જયકાર થયો. પ.પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી પ્રસાદીની જગ્યાના જીર્ણોધ્ધાર માટે ફંડની જાહેરાત થતા જ વિજાપુર અને આજુબાજુના ગામના ભાવિક ભક્તોએ ખૂબજ ઉત્સાહથી સારી એવી સેવા નોંધાવી હતી. પ.પૂ. મહારાજશ્રીએ ટુંક સમયમાં જ જીર્ણોદ્ધારનું કામ ચાલુ કરવા સંતોને આજ્ઞા કરી. ત્યારબાદ શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર) એ મહારાજના સમયના મુક્તરાજ વજીબાનો પ્રસંગ શ્રવણ કરાવ્યો હતો. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પ.પૂ. મહારાજશ્રીની સેવામાં કોઠારી જે.કે. સ્વામી, શા. સ્વા. નારાયણ મુનિદાસજી, શા. કૂંજવિહારીદાસજી અને શા. વ્રજભૂષણદાસજી આદિ સંતો જોડાયા હતા. વિજાપુરના યુવકોની સેવા પ્રેરણારૂપ હતી. (શા. વ્રજભૂષણદાસ)

### કુબડથલમાં હોમાત્મક મહાપૂજા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી કુબડથલ ગામે શ્રી જીગરભાઈના નવા ફાર્મ હાઉસમાં નવું આવાસ બનાવેલ. જે પ્રસંગે હોમાત્મક મહાપૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આશીર્વાદ આપવા પધાર્યા ત્યારે પ.ભ. જીગરભાઈ દિપકભાઈ પટેલ અને તેમના પરિવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત પૂજન કર્યું હતું. આ પ્રસંગમાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી, કાંકરિયા મંદિર અને જેતલપુર ધામના મહંત સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સૌ પ્રથમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ હોમાત્મક મહાપૂજાની આરતી ઉતારી પૂર્ણાહુતિ કરી હતી. પ.ભ. જીગરભાઈ અને તેમના પિતાશ્રી દિપકભાઈ તેમના પુત્ર વગેરેએ પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ તમામ સંતોનું પૂજન થયું હતું. આમંત્રિત મહેમાનોને માટે ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર પ્રસંગમાં મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી પ્રેરક રહ્યાં હતાં.

(દેવ જીગર પટેલ કાંકરિયા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરામાં શ્રાવણ માસમાં કથાપારાયણ સમૂહ મહાપૂજા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી નારણપુરા મંદિરના મહંત શા.સ્વા. હરિૐ પ્રકાશદાસજી ગુરુ શા.સ્વા. માધવપ્રસાદદાસજી અને સંત મંડળ અત્રેના હરિભક્તોના સાથ સહકારથી સત્સંગની વિશેષ પ્રવૃતિમાં સત્સંગની યુવા પેઢીના વિકાસ માટે દર શનિવાર રાત્રે ૮-૩૦ થી ૧૦-૦૦ કલાકે ૨૦૦ જેટલા યુવક-યુવતીઓની સભા થાય છે. જેમાં શ્રી નરનારાયણદેવ ગાદી અને સંપ્રદાયનું ગૌરવ વધે તેવી પ્રવૃતિ કરવામાં આવે છે. તેજ રીતે બાળકોના વિકાશ માટે શ્રી નરનારાયણદેવ બાળ ધૂન મંડળની દર રવિવારે સવારે ૧૧ થી ૧ સુધી સભામાં પ્રવૃતિ થાય છે. જેમાં ૧૨૫ જેટલા બાળકો લાભ લે છે. દર મહિનાના પ્રથમ શનિવારે સત્સંગ સમાજની સભા થાય છે. જે જુલાઈના પ્રથમ શનિવારે શરૂ કરવામાં આવી હતી. જેમાં પ્રસાદના યજમાન પ.ભ. જયંતીભાઈ પટેલ (નેશલન ટાંકી વાળા) રહ્યાં હતા. જેમાં ૧૫૦૦ ભક્તોને કથા વાર્તા અને દેવ આચાર્યશ્રીનો મહિમા માહાત્મ્યની સમજ પુરી પાડી હતી. વૈશાખ જેઠ માસમાં બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજને અદ્‌ભુત ચંદનના વાધાના દર્શન પૂજારી સ્વામી દ્વારા કરાવવામાં આવ્યા હતા. પ.ભ. કૌશિકભાઈ પાટડીયાના યજમાનપદે કેશર સ્નાન વિધિ થઈ હતી. મહંત સ્વામી સવાર સાંજ એક કલાક સભામાં કથા દ્વારા મૂળ સંપ્રદાય અને નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે રાખવા ઉપદેશાત્મક કથાનો લાભ આપે છે. શ્રાવણ માસમાં કલાત્મક હિંડોળા બનાવી દર્શન કરાવવામાં આવે છે. જેમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ખૂબજ સેવા આપે છે.

